RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 36* Date: 02.12.2021 Thursday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### કૃષિ મંત્રાલયની પાસે ખેડૂત આંદોલનના કારણે કોઈ પણ ખેડૂતના મોતનો રેકોર્ડ નથી

## ખેડૂતોના મોતનો કોઈ રેકોર્ડ જ નથી તો મદદનો સવાલ જ ઉભો થતો નથી:કૃષિમંત્રી



### કૃષિ કાયદા પરત લેવા વિશે કરવામાં આવેલા આંદોલનમાં થયેલા ખેડૂતોના મોત અને વળતર વિશે સરકારે સંસદમાં જવાબ આપ્યો

નવીદિલ્હી,તા.૧

ત્રણ કૃષિ કાયદાની સામે ખેડૂતોએ આંદોલન કર્યું હતું. આ ખેડૂત આંદોલનમાં આંદોલન સમયે એક પણ ખેડૂતનું મોત ન થયું હોવાનું કેન્દ્ર સરકાર કહ્યું છે. કૃષિમંત્રી નરેન્દ્રસિંહ તોમરે લોકસભામાં લેખિતમાં જવાબ આપતા જણાવ્યું હતું કે, કૃષિ મંત્રાલયની પાસે ખેડૂત આંદોલનના કારણે કોઈ પણ ખેડૂતના મોતનો રેકોર્ડ નથી. એટલે મૃતક ખેડૂતોના પરિવારના સભ્યોને સહાય આપવાનો કોઈ સવાલ ઉઠતો જ નથી.સરકારને લોકસભામાં સવાલ પૂછવામાં આવ્યો હતો કે, સરકારની પાસે કોઈ ડેટા છે કે કેટલા ખેડૂતોના મોત આંદોલન દરમિયાન થયા છે ણાવે.

આ ઉપરાંત સરકારને પૂછવામાં આવ્યું હતું કે, વિરોધ કરી રહેલા ખેડૂતો સાથે વાતચીત કરવા માટે શું પગલાં ભરવામાં આવ્યા અને જો પગલાં ભરવામાં આવ્યા છે તો શા માટે અને નથી ભરવામાં આવ્યા તો તેનું કારણ શું? સરકારને પૂછવામાં આવ્યું હતું કે, શું સરકારે જે કૃષિ કાયદો લાગુ કર્યું હતો તેને જ પરત લીધો છે. જો જવાબ હા હોય તો માહિતી આપો.

કૃષિમંત્રી નરેન્દ્રસિંહ તોમરે જવાબમાં જણાવ્યું હતું કે, સરકાર લગાતાર આંદોલન કરી રહેલા ખેડૂતોની સાથે વાતચીત કરતી હતી. જેથી આંદોલન ખતમ કરી શકાય. આ માટે સરકાર અને ખેડૂત સંગઠનો વચ્ચે ૧૧ સ્તરની વાતચીત પણ થઈ છે. સરકારે ત્રણ કૃષિ કાયદા શિયાળુસત્રમાં પરત લીધા છે. આ ઉપરાંત સરકારે કમીશન ફોર એગ્રીકલ્ચર કોસ્ટસ એન્ડ પ્રાઈસની સલાહ પર સરકારે ૨૨ પાકની એપીએમસી પણ જાહેર કરી છે. આ APMCમાં કેન્દ્ર અને રાજય સરકારની એજન્સીઓ સરકારની યોજનાઓ અંતર્ગત પાકની ખરીદી કરી રહી છે.

સરકારે ભલે કહ્યું કે કૃષિ આંદોલન દરમિયાન એક પણ ખેડૂતનું મોત થયું નથી. પણ ખેડૂત સંગઠનોનોએ દાવો કર્યો છે કે, છેલ્લા ૧ વર્ષથી ચાલી રહેલા ખેડૂત આંદોલનમાં અંદાજીત ૭૦૦ ખેડૂતોના મોત થયા છે. આટલું જ નહીં ખેડૂત સંગઠન તેમની શરતો અનુસાર આંદોલન દરમિયાન મૃત્યુ પામેલા ખેડૂતોના પરિવારના સભ્યોને સહાય આપવામાં આવે તેવી માગણી કરી રહ્યા છે.

વિપક્ષે કહ્યું કે, કૃષિ કાયદાના વિરોધમાં એક વર્ષ ચાલેલા આંદોલન દરમિયાન ૭૦૦ ખેડૂતોના મોત થયા છે. કૃષિ કાયદો રદ કરવાનું બિલ સોમવારે જ બંને ગૃહમાંથી પસાર થઈ ગયું હતું. આ કાયદો રદ કરવાની જાહેરાત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૮ નવેમ્બરે કરી હતી. તેમણે દેશની માફી માંગીને કહ્યું હતું કે, કદાચ તેમની તપસ્યામાં કોઈ કમી રહી ગઈ લાગે છે.

આજની કાર્યવાહી શરૂ થતાં પહેલાં સાંસદોના સસ્પેન્સન વિશે વિપક્ષે વિરોધ પ્રદર્શન શરૂ કરી દીધા હતા. વિપક્ષી નેતાઓએ સંસદમાં મહાત્મા ગાંધી પ્રતિમા સામે વિરોધ પ્રદર્શન કર્યા હતા. રાજ્યસભામાં વિપક્ષ નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, અમે રાજ્યસભાના ૧૨ વિપક્ષી સભ્યોનું સસ્પેન્સન રદ કરવાની માંગણી કરીએ છીએ. અમે એક બેઠક કરીશું અને ભવિષ્યની કાર્યવાહી નક્કી કરીશું.તૃણમૂલ સાંસદ સૌગત રોયે કહ્યું કે, ૧૨ સસ્પેન્ડ સાંસદોને માફી માંગવાનું કહેવામાં આવ્યું છે. પરંતુ મને નથી લાગતું કે વિપક્ષ માફી માંગશે. ૧૨ સાંસદોમાં ૨ સાંસદ તૃણમૂલના પણ છે. તૃણમૂલ માફી માંગવાના વિરોધમાં છે. તૃણમૂલના બંને સાંસદ ગાંધી મૂર્તિ સામે ધરણાં પર બેઠા છે અને આ ધરણાં ચાલુ રહેશે.

રાજ્યસભા સાંસદ દિપેન્દ્ર સિંહ હુડ્ડાએ આંદોલન દરમિયાન જીવ ગુમાવનાર ખેડૂતોના પરિવારોને નાણાકિય સહાસ અને એમએસપીની કાયદાકિય ગેરંટી વિશે ચર્ચા કરવાની માંગણી કરી છે. તે વિશે તેમણે ગૃહમાં સસ્પેન્શન ઓફ બિઝનેસ નોટિસ આપી હતી. જ્યારે કોંગ્રેસના રાજ્યસભા સાંસદ શક્તિસિંહ ગોહિલે ગૃહમાં સ્થગન પ્રસ્તાવ મોકલ્યો છે. આ પ્રસ્તાવ તેલ, પેટ્રોલ-ડિઝલ અને રસોઈ ગેસ જેવી જરૂરિયાતની વસ્તુઓના ભાવ વધારા પર ચર્ચા માટે મોકલવામાં આવી છે

## ભારતમાં કોરોના સંક્રમણના એક્ટિવ કેસોની સંખ્યા ૧ લાખની નીચે

,નવીદિલ્હી,તા.૧

દુનિયાભરમાં તોડાઈ રહેલા કોરોનાના નવા વેરિએન્ટ ઓમિક્રોનના સંકટની વચ્ચે દેશમાં મોટી રાહત મળી છે. ભારતમાં કોરોના સંક્રમણના એક્ટિવ કેસોની સંખ્યા ૧ લાખની નીચે એટલે કે ૯૯,૦૨૩ થઈ ગઈ છે. આ આંકડો ગત ૫૪૭ દિવસોમાં એટલે કે દોઢ વર્ષમાં સૌથી ઓછો છે. ગત એક દિવસમાં દેશમાં કુલ ૮૯૫૪ નવા કેસ મળ્યા છે. જ્યારે ૧૦,૨૦૭ લોકો આનાથી રિકવર થયા છે. એટલું જ નહીં રિકવરી રેટ ઝડપથી વધતા ૯૮.૩૬ ટકા થઈ ગયો છે. જે ગત વર્ષમાં માર્ચ બાદ અત્યાર સુધીના નિચલા સ્તરે છે. એક્ટિવ કેસોને ટકાવારીના હિસામે જોઈએ તો આ આંકડો ફક્ત ૦.૨૯ ટકા રહી ગયો છે. જે ઘણો ઓછો છે.

એક્સપર્ટના જણાવ્યાનુસાર કોરોના સંક્રમણને પહોંચી વળવા માટે વેક્સીનેશનથી મદદદ મળી છે. દેશમાં ૧૨૪.૧૦ કરોડ કોરોના રસી ચલાવી ચૂક્યા છે અને આ અભિયાન ઝડપથી આગળ વધી રહ્યું છે. તેવામાં આશા વ્યક્ત કરવામાં આવી રહી છે કે કોરોના વાયરસથી આવનારા દિવસોમાં રાહત મળશે. જો કે દ. આફ્રિકાથી એક વાર ફરી ખતરાનો અણસાર દુનિયાને મળ્યો છે. પહેલી વાર જોવા મળ્યું કે ઓમિક્રોન વેરિએન્ટ ઝડપથી ફેલનારું સંક્રમણ છે અને આને ચિંતા વધારી છે. ઈઝરાઈલ, જાપાન જેવા અનેક દેશોએ પોતાની બોર્ડર સીલ કરી છે અને આંતરરાષ્ટ્રીય પ્રવાસી પર પ્રતિબંધ લગાવ્યો છે.

ભારતમાં પણ ઓમિક્રોન વેરિએન્ટને લઈને કડકાઈ વર્તવામાં આવી રહી છે. અનેક રાજ્યોમાં પ્રાઈમરી સ્કૂલો ખોલવાના નિર્ણયને એકવાર ફરી ટાળી દેવામાં આવ્યો છે. હવે ભારત આવનારા કોઈ પણ વ્યક્તિને કોરોની નેગેટિવ રિપોર્ટ જરુરી રહેશે અને તેની પાછળ ૧૪ દિવસની પોતાની ટ્રાવેલ હિસ્ટ્રી દર્શાવવી પડશે. તેમજ રાજ્યોને સ્ટેટસમાં તેજી લાવવા કહેવામાં આવ્યું છે. જેથી ઓમિક્રોન વેરિએન્ટના સંકટને પહોંચી વળી શકાય.

### સાંસદોને સસ્પેન્ડ

## વિપક્ષી નેતાઓએ સંસદ પરિસરમાં મહાત્મા ગાંધીની પ્રતિમા સામે વિરોધ પ્રદર્શન

નવીદિલ્હી,તા.૧

૧૧ ઓગસ્ટે રાજ્યસભામાં હંગામો કરવા બદલ અધ્યક્ષ વેંકૈયા નાયડુ દ્વારા ૧૨ સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આ સસ્પેન્શન રદ કરવા માટે વિપક્ષી નેતાઓએ સંસદ પરિસરમાં મહાત્મા ગાંધીની પ્રતિમા સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું જેમાં કોંગ્રેસનાં પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ પણ ભાગ લીધો હતો.તૃણમૂલ કોંગ્રેસનાં સસ્પેન્ડ કરાયેલા રાજ્યસભા સાંસદો ડોલા સેન અને શાંતા ચેત્રી સિવાય, અન્ય તમામ સસ્પેન્ડેડ સાંસદો બુધવારે સંસદ પરિસરમાં તેમના સસ્પેન્શનનાં વિરોધમાં ધરણા પર બેઠા હતા. સૂત્રોનાં જણાવ્યા અનુસાર સત્ર દરમિયાન બન્ને સાંસદો દરરોજ સવારે ૧૦ થી સાંજે ૬ વાગ્યા સુધી ધરણા પર બેસશે. આ પ્રદર્શન સોમવારથી શુક્રવાર સુધી ચાલશે.આ ધરણા પ્રદર્શન દરમિયાન અન્ય સસ્પેન્ડેડ સાંસદો પણ પહોંચ્યા હતાં ટીએમસી સાંસદ ડોલા સેને કહ્યું, "સાંસદોનું સસ્પેન્શન તેમના ઘમંડ દર્શાવે છે જે બહુમતીમાં છે. જ્યારે તેઓ વિપક્ષમાં હતા ત્યારે તે લોકો સંસદની કાર્યવાહીમાં પણ અવરોધ ઉભો કરતા હતા. જ્યાં સુધી અમને ન્યાય નહીં મળે ત્યાં સુધી અમારા ધરણા ચાલુ રહેશે."

આ વચ્ચે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પણ સસ્પેન્શનનો વિરોધ કરી રહેલા સાંસદોને સમર્થન આપવા પહોંચ્યા હતા. રાહુલ ગાંધીની સાથે પાર્ટીનાં વરિષ્ઠ નેતા મલ્લિકાર્જુન ખડગે સહિત અન્ય ઘણા નેતાઓ પણ જોવા મળ્યા હતા. મલ્લિકાર્જુન ખડગેએ આ પ્રસંગે કહ્યું, "અમે માંગ કરીએ છીએ કે રાજ્યસભાનાં તમામ ૧૨ સસ્પેન્ડ કરાયેલા સાંસદોનું સસ્પેન્શન પાછું ખેંચવામાં આવે. અમે બેઠક યોજીને ભવિષ્યની રણનીતિ નક્કી કરીશું.

આ અંગે કોંગ્રેસ નેતા શશિ થરૂરે કેન્દ્ર સરકાર પર નિશાન સાધતા કહ્યું કે, કેન્દ્ર સરકારે સમજવું જોઈએ કે દેશનાં અન્ય લોકોનો પણ અવાજ સાંભળવો પડશે. સંસદ ચર્ચા માટે છે. તમારે લોકોને તેમના પોતાના મંતવ્યો રાખવાની મંજૂરી આપવી પડશે. આ રીતે જ હવે લોકશાહી સંસદ ચાલી શકે છે.

## કેન્દ્ર સરકારે ઇડબ્લ્યુએસ ક્વોટા માટેની આવક મર્યાદાની સમીક્ષા માટે ત્રણ સભ્યોની પેનલની રચના કરી

નવીદિલ્હી,તા.૧

સુપ્રિમ કોર્ટે ફટકાર લાગ્યા બાદ કેન્દ્ર સરકારે સામાજિક ન્યાય અને વ્યવસ્થાપન માટે આર્થિક રીતે નબળા વર્ગને મળવાવાળા ૧૦ ટકા કોટા માપદંડો માટે ત્રણ સભ્યોની સમિતિની રચના કરી છે. આ સમિતિમાં ભૂતપૂર્વ નાણા સચિવ અજય ભૂષણ પાંડે, ભારતીય સામાજિક વિજ્ઞાન સંશોધન પરિષદના સભ્ય વી.કે. મલ્હોત્રા અને સંજીવ સાન્યાલ, ભારત સરકારના મુખ્ય આર્થિક સલાહકાર. સમિતિને તેનું કામ પૂર્ણ કરવા માટે ત્રણ સપ્તાહનો સમય આપવામાં આવ્યો છે.આર્થિક રીતે નબળા વર્ગો માટે આરક્ષણના મામલામાં સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને ×ઉચ્ચ સ્તરીય નીતિ પર પુનર્વિચાર× કરવાનું સૂચન કર્યું હતું. જાહેરમાં ૧૦% ક્વોટા પ્રદાન કરવા માટે આર્થિક રીતે નબળા વર્ગને ઓળખવા માટે કેન્દ્ર ૮ લાખ રૂપિયાની વાર્ષિક આવક મર્યાદા સાથે સમાપ્ત કરી શકતું નથી.

કોર્ટે કેન્દ્ર તરફથી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ એએમ નટરાજનને કહ્યું હતું કે તમારી પાસે અમુક વસ્તી વિષયક અથવા સામાજિક અથવા સામાજિક આર્થિક ડેટા હોવો જોઈએ. તમે શું કર્યું છે તે અમને કહો. સુપ્રીમ કોર્ટે ૮ લાખ રૂપિયાની મર્યાદા નક્કી કરવા માટેનું કારણ સ્પષ્ટ કરવા માટે એક સપ્તાહની અંદર કેન્દ્ર પાસેથી એફિડેવિટ માંગી છે. કોર્ટે કહ્યું કે જ્યારે બંધારણીય રીતે અનુસૂચિત જાતિ,અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો માટે પહેલાથી જ આપવામાં આવેલો ૪૯ ટકા ક્વોટા છે, તો ૧૦ ટકા ઇડબ્લ્યુએસ ક્વોટા આપીને ૫૦ ટકા અનામતનો નિયમ તોડી શકાય છે. કેન્દ્ર સરકારે કોર્ટને બતાવ્યું કે, હવે જે લોકો આર્થિક રૂપથી નબળા વર્ગનો ક્રાઈટેરિયા બદલવા જઈ રહી છે. હજી સુધી જે પણ ઉમેદવારના પરિવારની આવક ૮ લાખથી ઓછી છે. તેમને ઇડબ્લ્યુએસમાં રાખવામાં આવી રહ્યાં હતાં. પરંતુ અહીંયા એક મોટું પરિવર્તન થશે. સરકાર આ ૮ લાખ વાળી લિમિટને વધારવા જઈ રહી છે. આગામી દિવસોમાં કેન્દ્ર સરકાર તેના પર મોટો નિર્ણય લઈ શકે છે. આ નિર્ણય લાગુ થવાથી એક મોટા વર્ગને ફાયદો પહોંચશે અને તમામને સમાન અવસર પણ મળશે. હાલ પુરતુ નથી જણાવાઈ રહ્યું છે કે, સરકાર આ ક્રીમીલેયરમાં કેટલું પરિવર્તન લાવવાનું છે. પરંતુ કેટલાક લોકો જો ૧૦ લાખ વાળા માપદંડ લાગુ કરવા માંગે છે. તો વળી ૧૨ લાખની માંગણી કરી રહ્યાં છે. હવે સરકાર કઈ બાજુ નિર્ણય કરે છે. તે આગામી દિવસોમાં સાફ થઈ જશે. ઉલ્લેખનીય છે કે, આ પહેલા પણ સરકારે આ મામલે ઘણાં પગલાં ઉઠાવ્યા છે.

હવે સરકારે આ નિર્ણય એટલા માટે અગત્યનો છે કે, કારણ કે તેનો સીધો સંબંધ નીટ પીજીની કાઉન્સિલીંગથી જોડાયેલો છે. મહત્વનું છે કે, નીટ કાઉન્સિલીંગ ૨૦૨૧માં ઈડબ્લ્યુએસ આરક્ષણને લઈને વિવાદ ચાલી રહ્યો છે. કોર્ટે કેન્દ્ર સરકારને કહ્યું હતું કે, ૮ લાખ રૂપિયા વાર્ષિક આવક પર વિચાર કરે. હવે આજ આદેશ બાદ કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટે બતાવ્યું હતું કે, હવે તે ક્રીમીલેયરની સીમા વધારી રહ્યું છે. મોદી સરકાર હવે ક્રીમીલેયરની મર્યાદા વધારવાનો નિર્ણય લઈ શકે છે. ગુરુવારે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને બતાવ્યું છે કે, તેઓ ક્રીમીલેયરની લીમીટ વધારીની છે. હાલ વર્તમાનમાં ક્રીમીલેયરની સીમા ૮ લાખ છે. પરંતુ સરકાર હવે તેને વધારવાની છે. અગામી દિવસમાં અંદર તેને લઈને એક મોટો નિર્ણય લેવામાં આવી શકે છે

## સરકારે ટેકાના ભાવ મુદ્દે ચર્ચા કરવા પાંચ ખેડૂત નેતાઓના નામ મંગાવ્યા

નવીદિલ્હી,તા.૧

કેન્દ્ર સરકારે ટેકાના ભાવ(એમએસપી) અને અન્ય મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે સમિતિની રચના કરવા માટે સંયુક્ત કિસાન મોરચા(એસકેએમ)ના પાંચ લોકોનાં નામ મંગાવ્યા છે. તેમ ખેડૂત નેતા દર્શન પાલે જણાવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે ખેડૂત સંગઠનો ચાર ડિસેમ્બરે યોજાનારી બેઠકમાં આ અંગે નિર્ણય લેશે. આ પગલું એવા સમયે લેવામાં આવ્યું છે જ્યારે એક દિવસ પહેલા સંસદના બંને ગૃહોમાં ત્રણ કૃષિ કાયદાઓ પરત કરવા માટેનું બિલ પસાર કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે ખેડૂતો છેલ્લા એક વર્ષથી આ કાયદાઓ પરત લેવા માટે આંદોલન કરી રહ્યાં હતાં.

દર્શન પાલે પત્રકારોને જણાવ્યું છે કે પાકના ટેકાના ભાવ મુદ્દે ચર્ચા કરવા સમિતિની રચના કરવા માટે એસકેએમના પાંચ નેતાઓના નામ મંગાવવામાં આવ્યા છે. ક્યાં પાંચ નામ મોકલવાના છે તે અંગેનો નિર્ણય હજુ સુધી લેવામાં આવ્યો નથી. ચોથી ડિસેમ્બરે યોજાનારી ખેડૂત સંગઠનોની બેઠકમાં આ પાંચ નેતાઓના નામ નક્કી કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે સંયુક્ત કિસાન મોરચા(એસકેએમ)માં ૪૦ કૃષિ સંગઠનો સંકળાયેલા છે.

## દિલ્હી સરકારે પેટ્રોલ પર વેટ ઘટાડયો,પેટ્રોલ ૮ રૂપિયા સસ્તું થયું



નવીદિલ્હી,તા.૧

દેશમાં ચૂંટણીનો માહોલ ચાલી રહ્યો છે, ત્યારે તમામ પાર્ટીઓ મતદાતાઓને પોતાની તરફ ખેંચવા માટે પૂરજોર પ્રયત્ન કરી રહી છે. આ વચ્ચે દિલ્હીથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. જણાવી દઈએ કે, દિલ્હીવાસીઓને મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સરકારે એક મોટી ભેટ આપી છે.

દેશમાં છેલ્લા ઘણા સમયથી પેટ્રોલ અને ડીઝલનાં ભાવ વધારાનાં કારણે લોકો ત્રાહિમામ પોકારી રહ્યા છે, ત્યારે હવે જો પેટ્રોલનાં ભાવમાં ઘટાડો કરવો તે એક માસ્ટરસ્ટ્રોક સાબિત થઈ શકે છે. જે હવે દિલ્હી સરકારે કરી બતાવ્યુ છે. જી હા, જનતાને રાહત આપતા દિલ્હી સરકારે પેટ્રોલનાં ભાવમાં ઘટાડો કર્યો છે. બુધવારે મળેલી કેબિનેટની બેઠકમાં વેટ ઘટાડવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો, જે બાદ એક લિટર પેટ્રોલ આઠ રૂપિયા સસ્તું થયું છે. બેઠકમાં દિલ્હી સરકારે પેટ્રોલ પર વેટ ૩૦ ટકાથી ઘટાડીને ૧૯.૪૦ ટકા કર્યો છે. આ પછી આજે રાતથી પેટ્રોલની કિંમતમાં આઠ રૂપિયાનો ઘટાડો થશે. પેટ્રોલનાં નવા ભાવ આજે મધરાતથી લાગુ થશે.

હાલમાં જ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે એક કાર્યક્રમ દરમિયાન વેટ ઘટાડવાનો સંકેત આપ્યો હતો. આપને જણાવી દઈએ કે, કેન્દ્રની મોદી સરકારે દેશવાસીઓને દિવાળીની મોટી ભેટ આપતા પેટ્રોલ અને ડીઝલ પરની એક્સાઈઝ ડ્યુટી ઘટાડવાની જાહેરાત કરી હતી. જેના કારણે પેટ્રોલ અને ડીઝલનાં ભાવમાં રૂ.૫ અને ૧૦નો ઘટાડો થયો હતો. કેન્દ્ર સરકારનાં આ નિર્ણય બાદ ઘણા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ પણ વેટમાં ઘટાડો કરીને જનતાને રાહત આપી છે. વળી, દિલ્હી સરકારે પણ વેટમાં ઘટાડો કરીને દિલ્હીનાં લોકોને મોટી રાહત આપી છે.



## તંત્રી સ્થાનેથી...

# ઓમિક્રોન કોવિડ-૧૯ વેરિઅન્ટ પર ચિંતાઓનું નિર્માણ



ઓમિક્રોન, તાજેતરમાં કોવિડ-૧૯ની ચિંતાનું નામ આપવામાં આવ્યું છે, તે પ્રશ્નો અને મુસાફરી પ્રતિબંધોને ઉત્તેજિત કરી રહ્યું છે જ્યારે નિષ્ણાતો તેની ટ્રાન્સમિસિબિલિટી અને પુનઃ ચેપના સંભવિત વધતા જોખમ અંગે વધુ ડેટાની રાહ જોઈ રહ્યા છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને શુક્રવારે ઓમિક્રોનને ચિંતાનો એક પ્રકાર તરીકે નામ આપ્યું હતું, જેના કારણે યુ.એસ. સહિત અનેક દેશોએ દક્ષિણ આફ્રિકાથી મુસાફરીને પ્રતિબંધિત કરી હતી, જ્યાં આ પ્રકાર પ્રથમવાર મળી આવ્યો હતો. જ્યારે વેરિઅન્ટ પર ઉપલબ્ધ ડેટા મર્યાદિત છે, ઉૐ એ જણાવ્યું હતું કે વૈશ્વિક સ્તરે સંભવિત ફેલાવાની ઉચ્ચ સંભાવના છે, પરિવર્તનને જોતાં જે રોગપ્રતિકારક એસ્કેપ સંભવિત અને સંભવતઃ ટ્રાન્સમિસિબિલિટી લાભ પ્રદાન કરી શકે છે.

ઓમિક્રોનમાં મોટી સંખ્યામાં પરિવર્તનો છે જે નિષ્ણાતોને લગતા છે. પ્રારંભિક પુરાવા સૂચવે છે કે વેરિઅન્ટ ફરીથી ચેપના વધતા જોખમ સાથે આવી શકે છે. દક્ષિણ આફ્રિકામાં હોસ્પિટલમાં દાખલ થવાના દરમાં વધારો થઈ રહ્યો છે, પરંતુ આ ઓમિક્રોન સાથે ચોક્કસ ચેપના પરિણામને બદલે ચેપગ્રસ્ત લોકોની એકંદર સંખ્યાને કારણે હોઈ શકે છે, ઉૐએ એક નિવેદનમાં જણાવ્યું હતું. નિષ્ણાતો વેરિઅન્ટ પર સાવચેતી અને શાંત રહેવાની વિનંતી કરી રહ્યા છે, પરંતુ વિશ્વ કોવિડ-૧૯ રોગચાળાની ધાર પર છે જેણે ૫.૨ મિલિયનથી વધુ લોકોના જીવ લીધા છે.

ર્ફ્ઢાહિક્ક અને ઁકૈડીૈ સહિત વેક્સિન ઉત્પાદકો અભ્યાસ કરી રહ્યા છે કે વેરિયન્ટ તેમના શોટ્સની અસરકારકતાને કેવી રીતે અસર કરી શકે છે. ફૌસીએ કહ્યું કે, આવનારા દિવસો અને અઠવાડિયામાં જે ડેટા બહાર આવે છે તેના આધારે, ખાસ કરીને વેરિઅન્ટને લક્ષિત બૂસ્ટર શોટની જરૂર નથી.

અત્યાર સુધી કોઈ કેસ નોંધાયો નથી અને ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે કોઈ સીધી ફ્લાઈટ નથી. જો કે મુસાફરી પ્રતિબંધોની વૈશ્વિક સરળતા સાથે જો આખરે કેસ અહીં પોપ અપ થાય તો નવાઈ નહીં. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે ગુરુવારે મોડી રાત્રે એક ચેતવણી જારી કરીને એરપોર્ટ પર વધુ તકેદારી રાખવા જણાવ્યું હતું.

આરોગ્ય મંત્રાલયે તેના નિવેદનમાં જણાવ્યું હતું કે, તાજેતરમાં હળવા વિઝા પ્રતિબંધો અને આંતરરાષ્ટ્રીય મુસાફરી શરૂ થવાને ધ્યાનમાં રાખીને, આ પ્રકારમાં નોંધપાત્ર રીતે વધુ સંખ્યામાં પરિવર્તનો હોવાના અહેવાલ છે, અને આમ, દેશ માટે ગંભીર જાહેર આરોગ્ય અસરો ધરાવે છે. કારણ કે નવા ઓમિક્રોન વેરિઅન્ટમાં સ્પાઇક પ્રોટીનમાં ઘણા પરિવર્તનો છે જે રસીના એન્ટિબોડીઝ દ્વારા લક્ષ્યાંકિત છે, તેથી રસીની અસરકારકતામાં કેટલાક ફેરફારો થઈ શકે છે.

જો કે ફક્ત સમય જ કહી શકે છે અને નક્કી કરી શકે છે કે રસીઓ નવા પ્રકાર સામે કેટલી અસરકારક સાબિત થશે. ત્યાં વિવિધ પ્રકારની રસીઓ છે. કેટલાક વાયરસના સ્પાઇક પ્રોટીન તરફ નિર્દેશિત થાય છે જે રીસેપ્ટર સાથે જોડાયેલા હોય છે. તેથી, જો ત્યાં ફેરફારો થયા હોય, તો રસીઓ અસરકારક ન હોઈ શકે. સરળ શબ્દોમાં કહીએ તો, જો સ્પાઇક પ્રોટીન કે જે વાયરસને યજમાન કોષમાં પ્રવેશવામાં મદદ કરે છે તે સતત પરિવર્તનશીલ રહે છે, તો રસી-પ્રેરિત એન્ટિબોડીઝ માટે તેને શોધવાનું અને નિષ્ક્રિય કરવું મુશ્કેલ બની શકે છે, જે તેને વધુ પ્રચંડ બનાવે છે.

# જામસાહેબના દરબારમાં જૂનાગઢી તાલ અને વ્રજ શબ્દના સંગીતશાસ્ત્રી



**કાવ્ય માધુર્ય**

**ડૉ. કિશોર પંડ્યા**

### મોહિત ગોપિકાના ઉદ્‌ગાર.

રાગ–માલકોશ–ચૌતાલ.

મનમથ મોહનકી મોહની પરીહે મોપે,
મોહ્યો મન મેરો આલી બંસીબટ અટકમેં–મનમથ.
કહા કહું તોય મોય સુધિ નાહિ ગેહ દેહ,
જાહી છીન દરસેમેં તાછિનકી ખટકમેં–મનમથ.
આદિત ઉદિતં કીધો ગયોં ચિત્ત મેરો વહ,
ચેરો ચાહિ ચુભ્યો ચારુ ચરનકી ચટકમેં,
પંગનકી પટકમેં, પીતપટ ઝટકમેં,
મુકુટકી મટકમેં, કિ લોચન લટકમે.–મનમથ.

સંગીતાદિત્ય.

### પાત્ર–કુપાત્ર.

દેશ–ત્રિતાલ

પાત્ર કુપાત્ર દિયે કછુ દાનહી,
તેસેહી રૂપ રચે રવીરાઈ;
ગાયનકોં તૃણ દેત દયા કરી,
પન્નગકોં પય પાન કરાઈ;
કાસહુતે સુધ પાયસ હોત,
સુપાયસતે વિષ હોત સિવાઈ;
યા બિધ દાન દિયે બીન જાનસુ,
તાબિધ કો ફલ તાહી દિવાઈ.

સંગીતાદિત્ય.

શ્રી કૃષ્ણની મોહીની એવી હતી કે આખા ગોકુલને ઘેલું બાનાવ્યું હતું. એમની વાંસળીના સૂર વહેતા થાય એની સાથે જ ગોપીઓ ઘરના કામ સાથે ભાન-સાન પણ ભૂલી જતી હતી. ઘણી વખત તો એવું બનતું કે મનમાંને મનમાં વાંસળી વાગી હોવાના ભણકારા વાગતા. મન એવું તો વાંસળીના સૂરમાં અટવાઈ રહેતું હતું કે કોઈ પણ પ્રકારની સૂજ-બૂઝ પણ રહેતી નહીં. માલકૌંશ રાગમાં કવિએ ચૌતાલમાં એવી તો રમઝટ જમાવી છે કે શબ્દો તો એની મેળે ગોપીઓની જેમ દોડતા આવતા હોય એવું લાગે છે. વળી પ્રાસનો ભંડારો કરતાં હોય એમ અટકમે,ખટકમે,ચટકમે, પટકમે, ઝટકમે, મટકમે, લટકમે કરતાં એકારાંત એના ભાવાર્થને અનુરૂપ દોડતા આવે છે. ગોપિકાના ઉદગારમાં ફરિયાદ સાથે મોહિત ભાવ ભળેલો હોવાથી એની ફરિયાદ ફરી ફરી યાદ આવે તેવી બની રહી છે. આદિત્યરામ વૈકુંઠરામ વ્યાસનો જન્મ ૧૭૬૩માં જૂનાગઢમાં કેળવાએલી નાગરી કોમમાં થયો હતો. તેમના પિતા પણ સંસ્કૃતના વિદ્વાન અને કવિ હતા. તેઓપોતાની કવિતાઓને રાગમાં પણ ઢાળે. એટલે પિતાએ બાળક આદિત્યને સંગીતનું શિક્ષણ આપવાનું શરૂ કર્યું. વિદ્યા,વૈદક અને જ્યોતિષ જેમને જનીનદ્રવ્યમાં સાથેજ વણાયેલા છે એ અહિચ્છત્ર નાગર બ્રાહમાનની જ્ઞાતિ હાલમાં પ્રશ્નોરા નાગર બ્રાહમણની જ જ્ઞાતિ છે. પુત્રના લક્ષણ પારણામાંથી એમ કિશોર વયમાં જ આદિત્યરામે જૂનાગઢનાં નવાબ બહાદુરખાન સમક્ષ પોતાનું ગાન ગાઈને તેમની પાસેથી ઈનામ પ્રાપ્ત કર્યું હતું. તાલ પ્રત્યેનો તેમનો લગાવ જોઈને ગીરના કોઈ સિદ્ધ યોગીએ તેમને મ્રુદંગવાદન પણ શીખવાડ્યું હતું.

આગળ જતાં તેમણે ખયાલ અને ગાયનની તાલીમ લખનૌના એ સમયના જાણીતા ગાયક ખાનસાહેબ નન્નુમિયા પાસેથી લીધી હતી. સખત પરિશ્રમ અને રિયાજ કરીને પછી તેમણે પોતાની કળા લોકો સમક્ષ રજૂ કરવાની શરૂઆત કરી હતી.

જામનગરના ગોસ્વામી શ્રી વૃજલાલજીનીસાથે રહીને તેમણે સમગ્ર ભારતની યાત્રા કરી હતી. વૃજલાલજીના સાથ અને સહકારને પરિણામે તેઓ ૧૮૪૧માંજામનગર આવીને રહ્યા. સંસ્કૃત અને વ્રજ એ બંને ભાષાનો તેઓશ્રીનો અભ્યાસ હતો. પરંતુ સંગીતમય કાવ્યોનો પ્રસાદ આખા ભારતખંડના લોકોને મળી રહે એ હેતુથી તેમણે માત્ર વ્રજભાષામાં જ કાવ્યો લખ્યાં છે.

જામાનગરમાં તેમણે ભરેલા દરબારમાં જઈ મહારાજા પાસે દરબારમાં પોતાનું ગીત રજૂ કરવાની પરવાનગી માંગી. ગાવાની પરવાનગી માંગી ગાવાનું અને એ પણ ભર્યા દરબારમાં? આથી જામસાહેબ અત્યંત ગુસ્સે થઈ ગયા. જામસાહેબે આવી પરવાનગી માંગનારને કેદ કરવાનો હુકમ કર્યો. છતાં પણ સહેજે ગભરાયા વગર યુવાન કવિએ ફરીથી મહારાજસાહેબ પાસે ગાવા માટેની પરવાનગી માંગી. યુવાન કવિની હિંમત જોઈને મહારાજે તેમને ગાવા માટેની મંજૂરી આપી.

કવિએ તો પ્રેમવિજોગણ રાધાનું ગીત પોતાના હલકભર્યા કંઠે શરૂ કર્યું. આરોહ-અવરોહ સાથે તેમણે રજૂ કરેલી રચના સાંભળીને જામસાહેબ અતિ પ્રસન્ન થયા. જામસાહેબે આદિત્યરામને દરબારી ગાયક તરીકે નિમ્યા. સાથોસાથ યુવરાજ વિભાજીને પણ સંગીત શીખવવાનું કામ એમને જ સોંપ્યું. ૧૮૪૬માં આદિત્યરામના લગ્નનો ખર્ચ જામસાહેબે આપ્યો હતો. ૧૮૫૨માં વિભાજી જામનગરની ગાદી પર આવ્યા. તેમણે આદિત્યરામને વાર્ષિક ચાર હજાર કોરી બાંધી આપવાનો હુકમ કર્યો. આદિત્યરામે એમની સૂચનાથી જ જામનગરમાં સંગીતશાળા શરૂ કરી હતી.

તેમણે 'સગીતાદિત્ય' નામનો ગ્રંથ રચીને વિદ્વાનોની પ્રસંશા પ્રાપ્ત કરી હતી. તેમણે અનેક ધ્રુવપદ અને ધમારોની રચના પણ કરી હતી. તેમની ગાયન-વાદન કળા સાદી, સરળ, શાંત અને સમતોલ આંદોલનો ઉત્પાન્ન કરનારી હતી. તાલવાદ્ય પરની તેમની હથોટી અદ્ભુત હતી. સંવત ૧૯૩૬માં (ઇ.સ.૧૮૨૪માં)એમનું અવસાન થયું. એમની રચનાઓ ઘણી જગ્યાએ ગ્રંથસ્થ થઈ છે. સંગીતશાળાઓમાં શીખવવાની શરૂઆત એમની રચનાઓથી જ થાય છે. એમની રચનાઓ સંગીતબદ્ધ રાગ અને તાલ સાથે ઉપાડ લેતી હોવાથી ગેય બની રહે છે. સંગીતની સાથે જ્યારે શબ્દનું અવતરણ થાય ત્યારે જ આવો સુભગ સમન્વય થતો જોવા મળ્યુ

A u .

(kisspandya@gmail.com)

# ભારતીય અર્થતંત્રના બીજા ક્વાર્ટરનો જીડીપી વૃદ્ધિદર ૮.૪ ટકા

યુદિલ્હી, તા.૦૧

એપ્રિલથી સપ્ટેમ્બર સુધીના અર્ધવાર્ષિક સમયગાળા દરમિયાન ૨૦૧૧-૧૨ના આધાર વર્ષે જીડીપી ૬૮.૧૧ લાખ કરોડનું હતું, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં ૫૯.૯૨ લાખ કરોડ હતું. આ દર્શાવે છે કે ગયા વર્ષના અર્ધવાર્ષિક સમયગાળાના ૧૫.૯ ટકાના સંકોચન સામે ચાલુ વર્ષે એટલા જ સમયગાળામાં ૧૩.૭ ટકાની વૃદ્ધિ જોવા મળી છે. એનએસઓ આંકડા મુજબ મેન્યુફેક્ચરિંગ સેક્ટરે બીજા ક્વાર્ટરમાં ૫.૫ ટકાની વૃદ્ધિ નોંધાવી હતી, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં ૧.૫ ટકાનું સંકોચન દર્શાવતી હતી. કૃષિ ક્ષેત્રએ ગયા વર્ષના સમાન સમયગાળામાં ત્રણ ટકાની સામે ચાલુ વર્ષે ૪.૫ ટકા વૃદ્ધિ નોંધાવી હતી. આ રીતે બાંધકામ ક્ષેત્રએ ૭.૨ ટકાના સંકોચન સામે ૭.૫ ટકા, માઈનિંગ સેક્ટરે ૬.૫ ટકાના સંકોચન સામે ૧૫.૪ ટકા, વીજળી, ગેસ, પાણી પુરવઠા અને અન્ય યુટિલિટી સર્વિસિસ સેગ્મેન્ટે ૨.૩ ટકાની વૃદ્ધિની સામે ચાલુ વર્ષે ૮.૯ ટકાની વૃદ્ધિ નોંધાવી છે. આ જ રીતે વેપાર, હોટેલ, ટ્રાન્સપોર્ટ, કમ્યુનિકેશન અને સર્વિસિસે ૧૬.૧ ટકાના સંકોચન સામે ૮.૨ ટકાની વૃદ્ધિ નોંધાવી છે. ફાઈનાન્સિયલ, રિયલ્ટી અને પ્રોફેશનલ સર્વિસે ૭.૮ ટકા વૃદ્ધિ નોંધાવી હતી, જેમા ગયા વર્ષના સમાન સમયગાળામાં ૭.૪ ટકા સંકોચન જોવા મળ્યું હતું.ભારતીય અર્થતંત્ર કોરોનાની અસરમાંથી બહાર આવી રહ્યું છે. એપ્રિલથી જુનના ક્વાર્ટરના ૨૦.૧ ટકાના વૃદ્ધિદર પછી જુલાઈથી સપ્ટેમ્બરના બીજા ક્વાર્ટરમાં ૮.૪ ટકાનો વૃદ્ધિદર જોવા મળ્યો હતો. ઈકરાએ વર્તમાન નાણાકીય વર્ષ માટે જીડીપીનો વૃદ્ધિદર ૯.૪ ટકા અંદાજયો છે. આમ હવે જો ઓમિકોર્ન ન નડયો તો ભારતનો આર્થિક નવસંચાર જળવાઈ રહેશે. આમ ભારતીય અર્થતંત્ર હાલમાં કોરોના પૂર્વેના સ્તરે પહોંચી ગયું છે તેમ કહી શકાય.ભારતીય અર્થતંત્ર ગયા વર્ષે એપ્રિલથી જુનના ક્વાર્ટરમાં ૨૪.૪ ટકા જેટલું સંકોચાયું હતું. આ ભારતીય અર્થતંત્રએ બીજા ક્વાર્ટરમાં ૮.૪ ટકાનો આર્થિક વૃદ્ધિદર દર્શાવ્યો છે, આ બતાવે છે કે લો-બેઝ ઈફેક્ટ ઓસરી રહી છે. ગયા વર્ષે સમાન સમયગાળા દરમિયાન જીડીપી વૃદ્ધિદર -૭.૪ ટકા હતો. સરકારે લાદેલા રાષ્ટ્રવ્યાપી લોકડાઉનના પગલે આ સ્થિતિ જોવા મળી હતી. આ વર્ષે પણ એપ્રિલમાં કોરોનાની બીજી લહેર જોવા મળી હતી.

# ભાજપ શ્રીરામ બાદ હવે શ્રીકૃષ્ણ મંદિર બનાવશે : દિગ્ગજ નેતાનાં એક ટ્વિટથી ખળભળાટ

લખનૌ,તા.૧

અયોધ્યાયમાં રામ મંદિર નિર્માણનું કામ ચાલી રહ્યું છે. ભારતીય જનતા પાર્ટીએ ૮૦ના દાયકાના અંતમાં આપેલું આ વચન હવે પૂરું થયું છે. પરંતુ એવું લાગી રહ્યુ છે કે, ભાજપ અહીં ચૂપચાપ બેસી રહેવાનું નથી. ઉલ્લેખનીય છે કે, ઉત્તર પ્રદેશ ભાજપના મોટા નેતા અને યોગી આદિત્યનાથ બાદ રાજ્યના નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્ય કે જેઓ યુપી સરકારમાં સૌથી શક્તિશાળી માનવામાં આવે છે, તેમણે આ સંદર્ભમાં એક ટ્વિટ કર્યું છે. કેશવ પ્રસાદ મૌર્યએ બુધવારે સવારે ટ્વીટ કર્યું કે ×અયોધ્યા કાશી ભવ્ય મંદિરનું નિર્માણ ચાલી રહ્યું છે, મથુરા તૈયાર છે.×

યુપીના ચૂંટણીની જાહેરાત થવામાં બહુ ઓછો સમય બાકી રહ્યો છે. રાજ્યમાં આવતા વર્ષની શરૂઆતમાં ચૂંટણી યોજાવાની છે. ચૂંટણીને લઈને આ ટ્વીટના ઘણા અર્થ કાઢવામાં આવી રહ્યા છે, પરંતુ તેનાથી પણ મહત્વની વાત ૬ ડિસેમ્બર છે. હકીકતમાં ૬ ડિસેમ્બર ૧૯૯૨ના રોજ બાબરી મસ્જિદ તોડી પાડવામાં આવી હતી. બાબરીનો વિવાદ સેંકડો વર્ષોથી ચાલી રહ્યો હતો. કહેવાય છે કે બાબરી મસ્જિદ રામ મંદિરને તોડીને બનાવવામાં આવી હતી. હવે સુપ્રીમ કોર્ટના નિર્ણયથી આ વિવાદનો ઉકેલ આવી ગયો છે. વિવાદિત સ્થળ પર ભવ્ય રામ મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે અને અયોધ્યા જિલ્લામાં અન્ય એક જગ્યાએ ભવ્ય મસ્જિદ પણ બનાવવામાં આવી રહી છે.

વર્ષોથી મથુરામાં વિવાદિત સ્થળ પરથી શાહી ઈદગાહને હટાવવાની માંગ કરવામાં આવી રહી છે. અખિલ ભારત હિંદુ મહાસભા, શ્રી કૃષ્ણ જન્મભૂમિ મુક્તિ આંદોલન સમિતિ, નારાયણી સેના અને કેટલાક લોકો પોતાને ભગવાન શ્રી કૃષ્ણના અનુયાયીઓ ગણાવતા વિવિધ સંગઠનો દ્વારા મથુરાના ડિસ્ટ્રિક્ટ એન્ડ સિવિલ જજ (વરિષ્ઠ વિભાગ) દ્વારા ઈદગાહને હટાવવાની માંગણી કરી રહ્યા છે. કોર્ટમાં દાખલ કરેલ છે જે પેન્ડીંગ છે. આગામી ૬ ડિસેમ્બરને લઈને મથુરામાં વહીવટી તંત્ર એલર્ટ પર છે. મહત્વનું છે કે, ૬ ડિસેમ્બરે, અખિલ ભારતીય હિંદુ મહાસભાએ શ્રી કૃષ્ણ જન્મભૂમિ સંકુલમાં સ્થિત શાહી ઈદગાહમાં પ્રવેશવાની અને શ્રી કૃષ્ણના બાળ દેવતા પર જલાભિષેક કરવાની જાહેરાત કરી છે. જેના કારણે જિલ્લા વહીવટીતંત્ર સુરક્ષા વ્યવસ્થાને લઈને સતર્ક બની ગયું છે. જિલ્લા મેજિસ્ટ્રેટ નવનીત સિંહ ચહલ અને વરિષ્ઠ પોલીસ અધિક્ષક ડૉ. ગૌરવ ગ્રોવરે સંબંધિત સુરક્ષા કર્મચારીઓ અને અધિકારીઓને શ્રી કૃષ્ણ જન્મભૂમિ સંકુલ અને ઈદગાહની સુરક્ષાને લઈને સંપૂર્ણ સતર્ક રહેવાનો નિર્દેશ આપ્યો છે.

## સીવીસી કેપીટલ કંપની સ્પોર્ટ્સના સટ્ટાના ધંધામાં હોવાનો આરોપ

# બીસીસીઆઈ ૩ ડિસેમ્બરે સીવીસી કેપિટલના ભાવિ અંગે ફેંસલો કરશે




અમદાવાદ, તા.૦૧

આઈપીએલની લોકપ્રિયતા વધતા જતા ભારતીય ક્રિકેટ બોર્ડને લાગ્યું કે તેમાં બે ટીમ ઉમેરી શકાય. આ માટેની જે ફ્રેન્ચાઈઝીને રસ હોય તેઓને આમંત્રણ આપવામાં આવ્યું હતું. ભારતના જુદા જુદા શહેરને હોમગ્રાઉન્ડ રાખી શહેરના નામ સાથે ટીમ બનાવવાના વિકલ્પ આપવામાં આવ્યો જેમાં અમદાવાદ, લખનઉ, ધરમશાળા, ઈંદોર, કટક, ગુવાહાટી પણ રેસમાં હતા. સૌથી વધુ રકમ સાથે બે શહેરની ટીમ બનાવવામાં રસ બતાવ્યો હતો. જેમાં લખનઉ અને અમદાવાદ અગ્રેસર રહ્યા હતા. આમ આગામી આઈપીએલથી ૧૦ ટીમ ઉતરશે. લખનૌ એ અમદાવાદ ટીમની એન્ટ્રી થશે. ભારતીય ક્રિકેટ બોર્ડે પણ અદાણીની જગાએ એક વિદેશી કંપની સીવીસી કેપિટલ અમદાવાદની ટીમની માલિક બની જતા તેઓની ગણતરીમાં થાપ ખાઈ ગયા હોય તેમ અનુભવ્યું હશે. તેવામાં અચાનક આઈપીએલના ભુતપૂર્વ વડા લલિત મોદીએ ભારતીય ક્રિકેટ બોર્ડ પર આરોપ લગાવ્યો કે સીવીસી કેપિટલની પેટા કંપનીઓ અમેરિકા અને યુરોપમાં જ્યાં સટ્ટો સત્તાવાર છે ત્યાં જુદી જુદી રમત ેપર સટ્ટો ખેલતી કંપનીઓ ધરાવે છે.

આવી કંપની આઈપીએલની ઈમેજ અને પ્રત્યેક મેચની વિશ્વસનિયતા પર ફટકો પહોંચાડી શકે છે. ભારતીય ક્રિકેટ બોર્ડ આવી ટીમને આઈપીએલમાં પ્રવેશ જ કેમ આપી શકે.આઈપીએલની ૨૦૨૨ની સિઝનથી દસ ટીમ ભાગ લેવાની છે. અત્યાર સુધી આઠ ટીમ જ રમતી રહી છે. જેમાં મુંબઈ, કોલકાતા, ચેન્નાઈ, રાજસ્થાન, હૈદ્રાબાદ,પંજાબ, બેંગ્લોર અને દિલ્હીની ફ્રેન્ચાઈઝીનો સમાવેશ થાય છે. હવે લખનઉ અને અમદાવાદની ટીમ ઉમેરાઈ છે.

અમદાવાદની ટીમની માલિક બનેલી વિદેશી કંપની સીવીસી રમતના સટ્ટાનો ધંધો કરે છે તેવો આરોપ મુકાયો હોઈ તેમનું ભાવિ નક્કી કરતી બીસીસીઆઈની યોજાનાર મીટિંગમાં ૩ ડિસેમ્બરે સીવીસી રદ થશે તો અદાણી ગ્રુપને અમદાવાદની માલિકી મળશે. જેણે સૌથી મોટી બીડ માટેનું ટેન્ડર ભર્યું હોય તેને જે શહેરની ટીમ બનાવવી હોય તેની પ્રથમ પસંદગી આપવામાં આવી હતી. સંજીવ ગોએન્કાએ તેની કંપની આરપી-એસજી કંપની વતી રૂ. ૭૦૯૦ કરોડની સૌથી વધુ રકમની બીડ ભરી હતી. તેણે લખનૌ અને અમદાવાદ બંને માટે સરખી રકમ સાથે જ ટેન્ડર ભર્યું હતું. તેને બંનેમાંથી જે ટીમ ખરીદવી હોય તેની પ્રથમ ચોઈસનો હક્ક તેને મળ્યો હતો. ગોએન્કાએ તેનું બિઝનેસ, ઉદ્યોગનું કેન્દ્ર ઉત્તર પ્રદેશ હોઈ લખનઉને પ્રથમ પસંદગી આપી હતી. ગોએન્કાને નિયમ મુજબ એક જ ટીમ ખરીદવા મળે અને તેણે લખનઉ પર પસંદી ઉતારી હતી. હવે આપોઆપ ગોએન્કાની અમદાવાદ માટે પણ તેટલી જ રકમ હતી છતાં તે લખનઉ માટે ખર્ચાઈ ચૂકી હતી. તેથી તે અમદાવાદ કે અન્ય શહેરની ટીમ ખરીદી ન શકે. તે પછીના ક્રમે સીવીસી કેપિટલે અમદાવાદની ટીમ માટે રૂ. ૫૬૨૫ કરોડની રકમ ટેન્ડરમાં ભરી હતી.સીવીસી પરના આરોપ યોગ્ય છે કે કેમ તેની ચર્ચા અને સીવીસીની પ્રોફાઈલ, ધંધાના રીપોર્ટ પર ૩ ડિસેમ્બરની બોર્ડની મીટિંગમાં ચકાસણી પણ થશે. જો સીવીસી કેપિટલ ભારતીય ક્રિકેટ બોર્ડના ફ્રેન્ચાઈઝી માટેના નિયમના દાયરામાં નહી આવતું હોય તો તેને રદ કરવામાં આવશે. તે પછીના ક્રમે ટેન્ડરમાં અદાણીની રકમ (રૂા. ૫૧૦૦ કરોડ) ભરાયેલી છે. તેથી અદાણીને અમદાવાદની ઓફર કરવામાં આવશે. સ્વાભાવિક છે કે અદાણી આ ઓફરનો સહર્ષ કેચ કરી લેશે. લક્સમબર્ગની કંપની જેની કેપિટલ અને કારોબાર સીગાપોરમાં પણ છે તેણે અમદાવાદ ખરીદતા કોર્પોરેટ જગતમાં સોપો પડી ગયો હતો. કેમ કે અમદાવાદ માટે અદાણી પોતે ગુજરાતના, અમદાવાદના હોઈ આઈપીએલમાં ટીમ માટે બેતાબ હતા પણ તેની બીડ સીવીસી કરતા રૂ. ૫૦૦ કરોડ જેટલી ઓછી રહી હતી. અદાણીએ રૂ. ૫૧૦૦ કરોડની રકમથી ટેન્ડર ભર્યું હતું. ભારતીય ક્રિકેટ બોર્ડે લલિત મોદીના આરોપને ગંભીરતાથી લીધો છે અને સેક્રેટરી જય શાહે એવી જાહેરાત કરી કે 'અમે સીવીસી કંપનીની પ્રોફાઈલ અને સેટ અપની ચકાસણી તટસ્થ કમિટી દ્વારા કરીશું. અમારી એવી પાયાની શરત છે કે ટીમ કોઈ રમતના સટ્ટામાં સંડોવાયેલી ના હોય. 'કન્ફલિક્ટ ઓફ ઈન્ટરેસ્ટ' નહીં ચલાવી લેવાય.

## ૫ વર્ષમાં ૬ લાખથી વધુ લોકોએ ભારતની નાગરિકતા છોડી દીધી

દિલ્હી,તા.૧

છેલ્લાં ૫ વર્ષમાં ૬ લાખથી વધુ ભારતીયોએ દેશનું નાગરિકત્વ છોડ્યું. સરકારે લોકસભામાં આ માહિતી આપી. કેન્દ્રીય ગૃહરાજ્યમંત્રી નિત્યાનંદ રાયે એક પ્રશ્નના લેખિત જવાબમાં કહ્યું કે વિદેશ મંત્રાલય પાસે ઉપલબ્ધ માહિતી મુજબ ૧,૩૩,૮૩,૭૧૮ ભારતીયો બીજા દેશોમાં રહે છે. વર્ષ ૨૦૧૭માં ૧,૩૩,૦૪૯, ૨૦૧૮માં ૧,૩૪,૫૬૧, ૨૦૧૯માં ૧,૪૪,૦૧૭, ૨૦૨૦માં ૮૫,૨૪૮ અને ચાલુ વર્ષે ૩૦ સપ્ટેમ્બર સુધીમાં ૧,૧૧,૨૮૭ ભારતીય નાગરિકોએ નાગરિકત્વ છોડ્યું. રાયે એમ પણ જણાવ્યું કે છેલ્લાં ૫ વર્ષમાં ૧૦,૬૪૫ લોકોએ ભારતનું નાગરિકત્વ મેળવવા અરજી કરી, જેમાંથી ૪,૧૭૭ લોકોને નાગરિકત્વ અપાયું.

# દહેરાદુનમાં વડાપ્રધાન રેલી કરી ચુંટણી પ્રચારના શ્રીગણેશ કરશે

દહેરાદુન,તા.૩૦

ઉત્તારાખંડમાં આગામી વર્ષની શરૂઆતમાં ચુંટણી યોજાનાર છે.આ બાબતાનો ધ્યાનમાં રાખી વડાપ્રધાન નરેન્દ્ર મોદી દહેરાદુનમાં એક મોટી રેલીની સાથે ચુંટણી પ્રચારના શ્રીગણેશ કરશે.વડાપ્રધાન મોદી ચાર ડિસોમ્બારે ઉત્તારાખંડના પ્રવાસ પર છે.જે દરમિયાન દહેરાદુનાના પેવેલિયન ગ્રાઉન્ડમાં કે એક મોટી રેલીને પણ સંબોધિત કરશે.આ ત્રણ મહીનાામાં મોદીનો ઉત્તારાખંડનો ત્રીજો પ્રવાસ હશે.વર્તમાન માહિતી અનુસાર દહેરાદુનામાં ચાર ડિસેમ્બરે બપોરે એક વાગે આ રેલી આયોજીત કરવામાં આવશે જેમાં મોદી ત્રણ હજાર કરોડ રૂપિયાની પરિયોજનાઓનું લોકાર્પણ અને શિલાન્યાસ કરશે

પોતાના આ પ્રવાસ પર મોદી ૨૬ હજાર કરોડની પરિયોજનાઓનો શિલાન્યાસ અને ચાર હજાર કરોડ રૂપિયાની પરિયોજનાઓનું ઉદ્‌ઘાટન કરશે.પ્રદેશ સરકાર અનો સંગઠન આ રેલીનો સફળ બનાવવામાં લાગી ગયું છે.રેલી માટે એક લાખ લોકોને એકત્રિત કરવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે.આ રેલીના માધ્યમથી ભાજપ ઉત્તારાખંડમાં ચુંટણી પ્રચારની શરૂઆત કરશે.

આ પહેલા વડાપ્રધાન મોદી ૪ ઓકટોબારે અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થાનમાં ઓકસીજન પ્લાંટનું ઉદ્‌ધાટન કરવા માટે ગયા હતાં ત્યારબાદ પાંચ નવેમ્બરે આદિ શંકરાચાર્યની પ્રતિમાનું અનાવરણ કરવા કેદારનાથ ગયા હતાં.

ન્યુઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS. No:0099**
વિષયઃ પ્રકૃતિ સાથેનો પ્રવાસ
શીર્ષકઃ વિશ્વંભરીધામ દર્શન
શબ્દો:૩૦૦

વર્ષ ૨૦૧૮નો માર્ચ મહિનો. અમારી શાળાનાં દોઢસો જેટલા બાળકોને લઈને અમે વલસાડ જિલ્લાના રાબડા ગામે આવેલ વિશ્વંભરીધામ દર્શન માટે ગયાં હતાં. લગભગ ૭૦ એકર જમીન પર પથરાયેલું વિશ્વંભરીધામ અનોખું આકર્ષણ જન્માવે છે. પ્રકૃતિનાં ખોળામાં રમતું લીલુંછમ રાબડા ગામ સૌંદર્ય માટે ગુજરાતભરમાં પ્રખ્યાત છે.

અમે સવારે ૧૧ વાગ્યે રાબડા પહોંચ્યા. લગભગ સવાસો જેટલા આંબા અને ચીકુનાં ઝાડથી શોભતું વિશ્વંભરીધામ અલૌકિક અનુભૂતિનું કેન્દ્રસ્થાન લાગતું હતું. બાળકોની બાથમાં ન આવે એવા જાડા થડવાળા આંબાના ઝાડ જાણે "એક હતા દાદા"ના સમયના જણાતા હતા. મોરથી ઝૂલતા આંબા કાચી કેરીની સૌરભ વાતાવરણમાં પ્રસરાવી રહ્યાં હતા. બાળકો વૃક્ષોની વિશાળ છાયામાં બેસી 'હાશ'ની અનુભૂતિ કરી રહ્યાં હતા. આંબા અને ચીકુનાં ઝાડ પર બેસીને પંખીઓ કલરવ કરી રહ્યાં હતા. આખુંય વાતાવરણ આ કલરવથી જીવંત લાગતું હતું. આમ્રવનમાં નિર્ભય બનીને ફરતા મોરનું ઝુંડ બાળકોને આનંદિત કરતું હતું.

વિશ્વંભરીધામનાં એક બાજુનાં ખુલ્લા ભાગમાં આવેલ લતાવનમાં રંગબેરંગી ફૂલોથી શોભતી વેલીઓ પથરાયેલી હતી. લાલ, પીળા, ગુલાબી અને જાંબલી ફૂલો જાણે પતંગિયાં જેવા લાગતા હતા. નિબિડ રીતે પથરાયેલી લતાઓનું સૌંદર્ય અમને સાદ પાડી રહ્યું હતું.

લતાવનની પાછળના ભાગમાં ફણસ, સોપારી અને ગુલમહોરના વૃક્ષો જાણે કોઈ વિદેશના પ્રવાસ સ્થળને તાદ્રશ કરતા હોય એવું રળિયામણું સૌંદર્ય ધરાવતા હતા.

આ બધાંની વચ્ચે "પાર" નદીનાં વહેતા પાણીનાં પ્રવાહને સહેજ વળાંક આપીને બનાવેલ જળધોધ અનુપમ આકર્ષણ જન્માવી રહ્યો હતો. નવ ફૂટની ઉંચાઈ પરથી પડતો પાણીનો ધોધ જાણે સફેદ બરફના ફોરાં ઉડાડી રહ્યો હતો. ધોધની એકબાજુ જમીન પર લીલુંછમ ઘાસ ઊગી નીકળ્યું હતું. ધોધની બીજી બાજુ કેસરી રંગના પથ્થરો ગોઠવેલા હતા. આ સૌંદર્ય તિરંગાની પ્રતીતિ કરાવતું હતું.

અમે સૌ કતારમાં ઉભા રહ્યાં અને મા વિશ્વંભરીનાં દર્શન કર્યાં. બપોરે ભોજન કર્યા પછી અમે ઉપવનમાં વૃક્ષોની છાયામાં બેઠા. બાળકો લીલા ઘાસમાં આળોટવા લાગ્યા. શરીરને ગલીપચી કરતાં ઘાસમાં આળોટીને બાળકોએ પ્રકૃતિનાં ખોળામાં સૂવાનો અનેરો લહાવો લીધો.

પ્રકૃતિનું સૌંદર્ય અને આસ્થાનું સંગમસ્થાન એવા વિશ્વંભરી ધામનો પ્રવાસ અમારી સ્મૃતિપટ પર હંમેશા અંકિત રહેશે.

ભાવનાબેન મિસ્ત્રી "અભય", વલસાડ

---

**NOG. સાહિત્ય સરિતા (૧)**
**NG NO. -- 39**
વિષય -- જીવનનું સંભારણું
પ્રકાર - ગદ્ય - લેખ
શીર્ષક - સિક્કિમ - ગેંગટોક - દાર્જિલિંગ પ્રવાસ
શબ્દો -૩૫૦

અમદાવાદથી બાય એર દિલ્હી, દિલ્હીથી બાય એર બાગડોગરા અને ત્યારથી બાય રોડ ગેંગટોક. સવારના પાંચ વાગ્યાના નીકળેલાં રાત્રે અગિયાર વાગે ગેંગટોક પહોંચ્યા. બાગડોગરાથી સિક્કિમ સુધી આખા રસ્તે વરસાદ હતો. ઢાળવાળા રસ્તા એટલે ડ્રાઈવરે સામાન પ્લાસ્ટિક કાપડથી ઢાંકયો હોવા છતાં પલળી ગયો. ગેંગટોક એક ગુજરાતી ગેસ્ટ હાઉસમાં ઉતર્યા હતાં. પહોંચીને તરત બધા કપડાં રૂમમાં ખુલ્લા કર્યા. એ પછી પણ જ્યાં જ્યાં ગયાં ત્યાં ત્યાં સામાન ગાડીની ઉપર ચઢાવવાનો હોવાથી પલળી જ જતો. અને હોટલે પહોંચીને પહેલા કપડાં ખુલ્લા કરવા પડતા. વરસાદ બધે જ હતો એટલે કપડાં સુકાય જ નહીં. ઠંડી એટલી કે પંખો જ ના હોય! સિક્કિમ ઉત્તર ભારતનું તિબેટ, નેપાળ અને ભૂતાન એમ ત્રણ રાજ્યોની બોર્ડર સાથે જોડાયેલું ભારતનું સત્યાવીસમાં ક્રમનું રાજ્ય છે.ગેંગટોક સિક્કિમ રાજ્યની રાજધાનીનું શહેર છે. ગેંગટોકથી લોચુંબ, ઝીરો પોઇન્ટ, અને છેલ્લે દાર્જિલિંગ. બે રાત્રી ગેંગટોક, એક રાત્રી લોચુંબ અને બે રાત્રી દાર્જિલિંગ.

જ્યાં જઈએ ત્યાં ત્યાંની સૌથી મોટી તિસ્તા નદી પહાડી રસ્તા ઉપર અમારી સાથે જ હોય. ત્યાં પેરાગ્લાઈડિંગ અને રિવર ક્રાફ્ટટિંગનો અનુભવ અદ્ભૂત રહ્યો. આઠ વર્ષની આશના અને ટ્વિશાએ પણ પેરાગ્લાઈડિંગ કર્યું.

ગેંગટોક હિમાલય પર્વતની શિવાલીક પર્વતમાળામાં સમુદ્ર સપાટીથી ૪૭૦૦ ફૂટ જેટલી ઊંચાઈએ આવેલું અદ્ભૂત સુંદર શહેર છે.શહેરની ચારે બાજુ પર્વતમાળા, બરફથી છવાયેલા શિખરો,વાદળોથી આચ્છાદિત પહાડો માનવ મનને મંત્રમુગ્ધ કરી દે છે.ઠેર ઠેર બરફવર્ષા, ઊંડી ખીણો અને ઊંચા પહાડો વચ્ચેથી પસાર થતા મન ખુશીઓથી ભરાઈ જાય છે. ચારે તરફ લીલોતરી મનને લીલું છમ્મ બનાવી દે છે.છ લાખ દસ હજારની વસ્તી ધરાવતું આ નાનકડું રાજ્યમાં તિબેટીયન સંસ્કૃતિના અભ્યાસ માટેની અનેક સંસ્થાઓ છે. બૌદ્ધ ધર્મના પંચોતેર જેટલાં મઠો આવેલા છે. અહીં નેપાળી, જેપ્ચા, ભૂતિયા જેવી કોમની વસ્તી વધારે છે. અહીં અગિયાર જેટલી અધિકૃત ભાષાઓ છે. અહીંનું વાતાવરણ પ્રદુષણ મુક્ત છે અને સિક્કિમ રાજ્યને સો ટકા ઓર્ગેનિક રાજ્ય તરીકે જાહેર કરવામાં આવ્યું છે.અહીં ઉદ્યોગોમાં જૈવિક રસાયણોના બદલે જૈવિક રસાયણો વપરાય છે. રસ્તા ઉપર હોર્ન મારવામાં આવતું નથી, વાહન ઓવરટેક કરી શકતા નથી અને રસ્તો ક્રોસ કરવા માટે રસ્તાઓ ઉપર બ્રિજ બાંધવામાં આવ્યા છે.અહીંના લોકો ખૂબ પ્રમાણિક, મળતાવડા અને મદદ કરવા તત્પર હોય છે.

૮૫૮૬ મીટરની ઊંચાઈ પર આવેલ સૂર્યના કિરણોથી પ્રકાશિત કંચનજંઘાના પહાડો અને દાર્જીલિંગના ચ્હાના બગીચા જગપ્રસિદ્ધ છે.

પ્રફુલ્લા "પ્રસન્ના"

**NOG SS NO/0044**
વિષયઃ-. પ્રકૃતિ સાથેનો પ્રવાસ
પ્રકારઃ- ગદ્ય
શીર્ષકઃ- કુદરતને ખોળે
શબ્દોઃ-૩૪૮

લગ્ન પછી શીલા મહિયર ગઈ ત્યારે સખીઓએ મીઠી મજાક કરી અનુભવ પૂછતાં શીલાએ કહ્યું," લગ્નની પ્રથમ રાત મધુરજની માણવા ઉત્સુક દેવને મિત્રોએ હેરાન પરેશાન કરી મૂક્યો.માંડ છટકીને દેવ આવ્યો.બાગમાંથી આવતી મોગરાની સુગંધે ઓરડો મઘમઘી ઉઠ્યો, અને અમે એકમેકમાં ખોવાઈ ગયા.

સવાર થતાં જ સૂર્યના આછાં કિરણોએ જાગી, દેવને હળવું ચુંબન કરી બાગમાં આવી પર્ણે ઝીલેલા ઝાકળબિંદુ જોવામાં મશગૂલ.

દેવે જ્યારે હાથમાં કોફી આપી તો હું આશ્ચર્યચકિત! કોફી આપતા પૂછ્યું," આટલી તન્મયતાથી શું જોઈ રહી છે?"
મેં કહ્યું," જો દેવ લાલ, લીલા પર્ણ પરના ઝાકળબિંદુએ ઝીલેલાં સૂર્યના કોમળ કિરણો જાણે સુંદર મજાનું મેઘધનુષ રચાતું હોય એવું લાગે.છે ને કુદરતની કમાલ! મને કુદરતને ખોળે, મહાલવું ખૂબ જ ગમે.તરત જ દેવે કહ્યું," ચાલ તો ફટાફટ તૈયાર થઇ જા
બે-ત્રણ દિવસ માટે તને પ્રકૃતિને ખોળે લઇ જાઉં.ડાંગ જિલ્લાની સફરે."

હું તો પહેલી જ વખત જતી હતી,વિસ્મયનો પાર નહીં.સીધા પહોંચ્યા ડોન ત્યાં પહોંચતા જ રસ્તામાં બંને બાજુ હરિયાળી જોઈ હું તો ખુશ થઈ ગઈ.ડોન એટલે સૌંદર્યથી ભરપૂર.મસ્ત ઠંડી હવા એકદમ ઉંચાઈએ આવેલું સ્થળ.સાંજ પડી મહાલના જંગલમાં કેમ્પસાઈટમાં ટ્રીહાઉસમાં રાત્રી રોકાણ કર્યું.વૃક્ષો પર રેલાતી ચાંદની જોવાની મજા આવી.

બીજે દિવસે લટાર મારવા નીકળ્યા તો રસ્તામાં બંને બાજુ હારબંધ લીલુડા વાંસના ઝૂંડ.વાંકા વળેલા વાંસ તો જાણે ઝૂકીને આગંતુકને સલામ કરી આવકારતા હોય એવું.અહાહા કુદરતનો આભાર માનતા મન પ્રફુલ્લિત થઈ ગયું ? આગળ ચાલતાં જ એક જગ્યાએ ઝરણાંનો ખળખળ આવાજ સાંભળતાં જ ઉભી રહી ગઈ.એ દ્રશ્યે તો મારું મન મોહી લીધું.હું તો ત્યાં જ દેવ સાથે પાણીમાં પગ રાખી બેસી ગઈ.દેવને પણ મજા આવી.

સુસવાટા મારતા પવને વાંસ એકબીજાને આલિંગન આપતાં હોય એમ એકમેકમાં ભળવા લાગ્યા પવન ધીમો થતાં જ વાંસ અથડાવાને કારણે આવતા મધૂર અવાજ સાંભળી એવું લાગ્યું કે સાક્ષાત બંસીધરે સૂર રેલાવ્યા કે શું? સાંભળતાં જ ભાવવિભોર બની ગઈ.

સંધ્યારાણીની વિદાયે વાંસમાંથી આવતાં સૂર્યનાં કેસરવર્ણા કિરણો નિહાળી, રજનીના ઓળા ધરતીને પેટાળમાં સમાવી લે તે પહેલાં અમે અમારા મુકામે પહોંચી, આદીવાસી ખાણું નાગલીનાં રોટલા, વાંસનું અથાણું, ચટણીની મજા માણી.

કુદરતે છૂટ્ટા હાથે વેરેલું સૌંદર્ય અને દેવનો હૂંફાળો સાથ.ત્રણ દિવસ તો ક્યાં પસાર થયા તે ખબર જ ન પડી.
મારી ખુશી અને પ્રકૃતિ પ્રેમ જોઈ દેવે મને દર બે મહિને આવાં પ્રકૃતિથી છલોછલ ભરેલાં સ્થળે ફેરવવાનું વચન આપ્યું ."

વિભૂતિ દેસાઈ ઘાસવાલા

**NOG -NO -1030**
વિષય - પ્રકૃતિ સાથેનો પ્રવાસ
શીર્ષક-અવર્ણનીય સફર
શબ્દ-૩૫૦

કાશ્મીર જવા માટે હું અને મારી દીકરી ભવ્યા "છત્રપતિ શિવાજી મહારાજ ઇન્ટરનેશલ" એરપોર્ટ પહોંચી, સામાનનાં ચેકીંગ પછી બૉર્ડિંગ પાસ મેળવી એરપોર્ટનાં લાઉન્જ એરિયામાં કોફી પીતા કાશ્મીરની વાતોમાં ખોવાઇ વિમાનને ચૂકી જતાં સાંતાક્રુઝ એરપોર્ટ આવી નવી ટિકિટ ખરીદી જમ્મુ પહોંચ્યા હતા.

જમ્મુમાં બરફનું ભારી તોફાન સર્જાતા શ્રીનગરની ફલાઇટ અને બાય રોડ પણ બંધ હતાં.

અમે હરિસિંગ નિવાસમાં રહ્યાં હતાં જે જમ્મુનાં રાજાનો મહેલ હતો પણ હવે હોટલમાં રૂપાંતરિત થયો હતો.

રાજાશાહી સજાવટ, કલાત્મક ફ્રેમમાં મઢેલા પેઇન્ટિંગ, નયનરમ્ય ઝુમ્મરો, હાથીઘોડાનાં સ્ટેચ્યુઓ, રાજાની મોટી ખુરશી અને બીજી બહુમૂલ્ય ચીજોની ગોઠવણી, આરસથી ચમકતી લોબી હારબંધ ફૂલોનાં કુંડાઓથી મનભાવન લાગી રહી હતી. ફૂલોથી મહેંકતો બગીચો, એક તરફ માતાનો ત્રિકુટ પર્વત અને બીજી તરફ તપસ્વી મુનિઓની જેમ તટસ્થ પહાડોનાં ચરણ પખાલીને અલ્લડપણે વહેતી તાવી નદી. કુદરતે આ ધરતી પર પોતાનું સૌંદર્ય છુટ્ટા હાથે વેરી દીધું હતું! આહલાદક વાતાવરણની અનુભૂતિથી દિલ બાગ બાગ થઇ ગયું હતું.

બીજા દિવસે વૈષ્ણવદેવી માટે ટેક્સીમાં કતરા તરફ જતાં કુદરતને જોઇ અમે ગુનગુની રહ્યાં હતા, "યે વાદિયાઁ યે નજારે બુલા રહે હે હમેં...." ખરેખર સફરમાં ગીતો ગાવાની બહુ જ મજા આવી હતી. માતાજીનાં મઠ પર જવા માટે ઘોડા પર બેસી ત્રિકુટ પર્વતનું ચઢાણ ચાલુ કરતાં જ ઝરમર વરસાદ શરૂ થઇ ગયો હતો. સૂરજદાદા વાદળો સાથે સંતાકૂકડી ખેલતા હોવાથી ધૂપછાંવમાં પ્રકૃતિ ખીલીને અદ્દભૂત લાગી રહી હતી. કાલીઘટાઓથી છવાયેલું અંબર અને વૃક્ષોથી સજેલી ખીણ જોતાં જ ભવ્યા ગાઇ ઉઠી, "બલખાતી બેલે મસ્તીમેં ખેલે પેડોકોં મિલકે ગલે....ઓ..નીલે ગગનકે તલે.." અને કુદરતની આ અનેરી લીલા કેમેરામાં ઝીલાતી રહી હતી. દેવીનાં સ્થાનકે પહોંચતા સંધ્યા આરતીનો સમય થયો હતો. આરતીનાં ઘંટનાદનાં ધ્વનિથી અમે ભક્તિમય વાતાવરણમાં ભાવવિભોર થઇ ગયા હતાં. સમૂહમાં જયમાતાજીનાં નારા સાથે મંદિરનાં ગભર્દ્રારમાં પ્રવેશતાં જ મહાકાલી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતીદેવીની પીડી સ્વરૂપનાં અનુપમ દર્શન કરતાં અમે શ્રધ્ધાથી મસ્તક નમાવી માતાજીનાં આર્શીવાદ લીધાં હતા.

માતાજીનો પ્રસાદ લઇ અમે ત્રિકુટપર્વતની ટોચ પર આવેલા ભૈરવનાથનાં દર્શન કરી નીચે કતરા તરફ પ્રયાણ કરતા ઘોડાવાળાએ અમને અર્ધકુવરી માતાજી, વૈષ્ણવદેવી અને કાલભૈરવનો ઇતિહાસ કહી જણાવ્યું કે કાલભૈરવ ભગવાન શિવનો અંશ છે. ત્યારે અમે અવર્ણનીય ભાવદશામાં આવી ગયા હતા.

મુંબઇ આવી સહપરિવાર સાથે કાશ્મીરનાં કાવાની ચુસકી લેતા ફોટા જોયા હતા સફરની મીઠી યાદોંને સાંભળતાં દાદીમા બોલી ઉઠ્યાં, "આ તો માતાનો બુલાવો આવ્યો હતો. એટલે કાશ્મીર જતાં વિમાનને ચૂકી ગયા હતાં."

નિલમ દોશી મુંબઇ

## પીપળાનું મહત્વ



પીપળો એકમાત્ર એવું વૃક્ષ છે જે દિવસ અને રાત બંને સમયે ઑક્સીજન પૂરું પાડે છે.

પીપળાના ૬-૭ તાજા પાંદડા લો અને તેને ૪૦૦ મિલી પાણીમાં નાંખો અને ૧૦૦ મિલી રહી જાય ત્યાં સુધી ઉકાળો, જ્યારે તે ઠંડુ થઈ જાય, ત્યારે વાસણ સ્ટીલ અને એલ્યુમિનિયમમાં ન નાખવું જોઈએ, આ પાણીના સેવનથી તમારું હ્રદય એક દિવસમાં સ્વસ્થ થવા લાગશે.

પીપળાના પાનમાં ભોજન ખાવાથી લીવરનાં રોગ મટે છે.

પીપળાના સૂકા પાનનું ચૂર્ણ બનાવી તેમાં અડધી ચમચી ગોળ ભેળવીને સવાર-સાંજ ખાવાથી અસ્થમા મટે છે.

પીપળાના ૪-૫ તાજા પાનને પીસીને પાણીમાં ભેળવીને પીવાથી કમળામાં ૧-૨ વારમાં આરામ મળે છે.

પીપળાની છાલને ગંગાજળમાં ઘસીને ઘા પર લગાવવાથી તરત આરામ મળે છે. પીપળની છાલ તેમાં સાકર ભેળવીને દિવસમાં ૫-૬ વખત ચૂસવાથી કોઈપણ નશો દૂર થાય છે.

પીપળાના પાનનો ઉકાળો પીવાથી ફેફસાં, હ્રદય, પેટ અને લીવરના તમામ રોગો મટે છે.

પીપળાના પાનનો ઉકાળો બનાવીને પીવાથી કિડનીના રોગો મટે છે અને પથરી તૂટી જાય છે અને દૂર થાય છે.

તમને ગમે તેટલી ઉદાસીનતા હોય, દરરોજ ૩૦ મિનિટ પીપળના ઝાડ નીચે બેસો, તેનાથી ડિપ્રેશનનો અંત આવે છે.

પીપળાના ફળ અને તાજા કોપલ સમાન માત્રામાં લઈ, તેને પીસી, સૂકવી, દાળમાં ભેળવી, દિવસમાં બે વાર લેવાથી સ્ત્રીઓના ગર્ભાશય અને માસિક ધર્મના તમામ રોગો મટે છે.

પીપળાના ફળ અને તાજા કોપલે સમાન માત્રામાં લઈ, તેને પીસી, સૂકવી, દાળમાં ભેળવી, દિવસમાં બે વાર લેવાથી બાળકોની લિસ્પ મટે છે અને મગજ ખૂબ જ તેજ બને છે.

જે બાળકોમાં હાયપરએક્ટિવિટી છે, જે બાળકો આખી રાત દોડે છે, ઓછી ઊંઘ લે છે, આ બાળકોને પીપળાના ઝાડ નીચે બેસાડો તો હાયપરએક્ટિવિટી ઓછી થાય છે.

ઘૂંટણનો દુખાવો ગમે તેટલો જૂનો હોય, પીપળા નીચે બેસવાથી ૩૦-૪૫ દિવસમાં ખતમ થઈ જશે.

શરીરમાં ગમે ત્યાંથી લોહી આવે છે, સ્ત્રીઓને માસિક સ્ત્રાવ સમયે અધિક રક્તસ્ત્રાવ થતો હોય, બાબાસીરમાં લોહી આવે છે, દાંત કાઢ્યા પછી લોહી આવે છે, ઈજા થાય છે, ત્યારે પીપળાના ૮-૧૦ પાનને પીસીને ગાળીને પીવાથી તરત જ લોહી આવતું બંધ થાય છે.

શરીરમાં ક્યાંય પણ સોજો, દુખાવો, ગરમી હોય તો પીપળાના પાન બાંધો તો ઠીક થઈ જશે.

- મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨૨૧૯૯૯)

## કમ્પ્યૂટર બન્યું વિશ્વ ટ્યુટર
## ૨ ડીસેમ્બર, "વિશ્વ કમ્પ્યૂટર સાક્ષરતા દિવસ"



વિશ્વ કમ્પ્યુટર સાક્ષરતા કે જાણકારી દિવસની ઉજવણીની શરૂઆત ખાસ કરીને જે લોકો સુધી હજુ સુધી કમ્પ્યૂટર કે ટેક્નોલોજીની માહિતી પહોંચી નથી તે લોકોને કમ્પ્યૂટર કે ટેક્નોલોજી વિશે માહિતગાર કરવાનો છે. બીજા વિશ્વયુદ્ધ પહેલા કમ્પ્યૂટરના સાક્ષર લોકો ન હતા તેથી આ બાબતે વધુને વધુ જાણકારી પ્રસિદ્ધ કરવા આ દિવસની ઉજવણી કરવાની શરૂઆત કરવામાં આવી. સોશિયલ મીડિયા અને મીડિયા ચેનલ પર કમ્પ્યૂટરનું વિજ્ઞાપન કરીને તેની જરૂરિયાત ધરાવતા લોકો સુધી માહિતી પહોંચાડવી એ કમ્પ્યૂટર વિશે લોકોમાં જાગૃતિ ફેલાવવાનું સૌથી સરળ માધ્યમ છે. કમ્પ્યૂટર અને ટેક્નોલોજી વિશે ડિજીટલ સાક્ષરતા વધારવા માટે દર વર્ષે ૨ ડિસેમ્બરે વિશ્વ કમ્પ્યૂટર સાક્ષરતા દિવસ ઉજવવામાં આવે છે.

આજના સમયમાં પોતાના મહત્વપૂર્ણ યોગદાન માટે કમ્પ્યૂટર લોકોના જીવનમાં ખુબ જ મહત્વનું સ્થાન ધરાવે છે. આજના સમયમાં કમ્પ્યૂટર ખૂબ જ ઝડપથી અને સરળતાથી સુલભ બન્યા છે અને આંખના પલકારામાં માહિતીની પ્રક્રિયાને સરળ બનાવવા માટે સશક્ત બન્યા છે પરંતુ જ્યારથી બ્રિટીશ ગણિતશાસ્ત્રી અને મિકેનિકલ એન્જિનિયર અને જેમના વિચારોથી કમ્પ્યૂટરની શોધ કરવામાં મદદ મળી હતી તેવા ચાર્લ્સ બેબેજે વિશ્વનું પહેલું કમ્પ્યૂટર બનાવ્યું હતું એ દિવસથી લઈને આજ સુધી આપણે જોઈએ તો આખા રૂમમાં સમાઈ જાય એવા કમ્પ્યૂટરથી લઈને આજે માઈક્રો કમ્પ્યૂટર પણ ઉપલબ્ધ છે છતાં આજે પણ ઘણા લોકો એવા છે કે જે ક્યાંકને ટેકનોલોજીને વાપરતા અચકાય છે અથવા એમને નવી નવી થઈ રહેલી શોધ કહો કે સવલતો એનો લાભ ઉઠાવતા આવડતો નથી. દિવસે દિવસે વધતા જતા સાઈબર ક્રાઈમ પણ આ ઓછી કમ્પ્યૂટર લીટ્રસીનું પરિણામ જ કહી શકાય. જો આ દિશામાં લોકો સુધી સાચી સમજ પહોચાડવા માટેનાં પ્રયત્નો કરવામાં આવશે તો દેશમાં થતાં ઘણા સાઈબર ક્રાઈમ્સ અટકાવી શકાશે.

આજના સમયમાં પોતાના મહત્વપૂર્ણ યોગદાન માટે કમ્પ્યૂટર લોકોના જીવનમાં ખુબ જ મહત્વનું સ્થાન ધરાવે છે. જો આ દિશામાં લોકો સુધી સાચી સમજ પહોચાડવા માટેનાં પ્રયત્નો કરવામાં આવશે તો વિશ્વમાં થતાં ઘણા સાઈબર ક્રાઈમ્સ અટકાવી શકાશે.

મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

## પ્લાસ્ટિકનો તિરસ્કાર, પર્યાવરણનો પુરસ્કાર
# ૨ ડીસેમ્બર, "રાષ્ટ્રીય પ્રદુષણ નિયંત્રણ દિવસ"

પ્રકૃતિમાં અસંતુલન સર્જાવાને કારણે જ આપણે કુદરતી હોનારતનો સામનો કરવો પડે છે. ગ્લોબલ વૉર્મિંગ, મહામારીઓ, કુદરતી આપત્તિઓ, તાપમાનનું વધવું વગેરે જેવી સમસ્યાઓ પ્રકૃતિમાં અસંતુલન સર્જાવાને કારણે જ થાય છે. આ સમસ્યાઓનું મૂળ તો મુખ્યત્વે પ્રદુષણ જ રહે છે. જળ, જમીન, વાયુ અને હવે તો લાઈટ અને નોઈસ પોલ્યુશન પણ એટલાં જ ચર્ચાઓમાં છે. આપણે આપણું જીવન સરળ બનાવવા માટે વિવિધ ઉપકરણોનો ઉપયોગ કરીએ છીએ. આ સાધનો આપણી જીવન શૈલી તો સુધારે છે પણ જીવન જીવવાની પદ્ધતિને વિખેરી જાય છે. આમાંથી પ્લાસ્ટિકની સમસ્યા ઘણી મોટી સમસ્યા પુરવાર થઈ છે.

પ્લાસ્ટિક એ આજની સૌથી વધુ વપરાતી સામગ્રીમાંની એક છે.આજે પ્લાસ્ટિક બેગ તાકીદની જરૂરિયાત બની ગઈ છે. તેના અનુકૂળ સ્વભાવને કારણે રોજિંદા જીવનમાં તેનો ઉપયોગ વધી રહ્યો છે. રોજિંદી પ્રવૃત્તિઓથી સંબંધિત બધી પ્રવૃત્તિઓમાં પ્લાસ્ટિકની ભૂમિકા હોય છે. મોબાઈલ, ટીવી, ફ્રિજ, એસી, ખુરશી, ટેબલ, કમ્પ્યુટર વગેરે જેવી સંખ્યાબદ્ધ વસ્તુઓ છે જે પ્લાસ્ટિકની બનેલી હોય છે, પરંતુ પ્લાસ્ટીક એ નાશ ન થઈ શકે તેવું પ્રદૂષણ છે અને તે જમીન, પાણી અને હવાને પ્રદૂષિત કરે છે એટલે કે સમસ્ત પર્યાવરણને નુકસાન કરે છે. ગમે ત્યાં ફેકી દીધેલી પ્લાસ્ટીકની થેલીઓ અન્ય ખોરાકની સાથે ખાઈ જવાથી અનેક પશુઓ પણ મોતને ભેટે છે અને આ મૃત પશુઓનાં અવશેષો નાશ પામ્યા બાદ પણ પ્લાસ્ટીક જેમનું તેમ રહે છે. પ્લાસ્ટીકનો નાશ થતાં ઘણા વર્ષ લાગે છે. તેને બાળવાથી પણ તે પર્યાવરણમાં ડાયોક્સીન સહિત હાનિકારક વાયુઓ છોડે છે. પર્યાવરણ માટે ભારોભાર નુકસાનકારક એવા પ્લાસ્ટીકની બેગનો ઉપયોગ દિનપ્રતિદિન વધી રહ્યો છે. જાગૃત નાગરિક તરીકે પર્યાવરણ અને આરોગ્ય માટે ખુબ જ હાનિકારક એવા પ્લાસ્ટીકની બેગનો ઉપયોગ ટાળીને દરેક વ્યક્તિ પર્યાવરણને બચાવે તે હાલનાં ગ્લોબલ વોર્મિંગનાં સમયની માંગ છે. માટે જેમ બને એમ પ્લાસ્ટિક બેગનો ઉપયોગ ટાળીને કાપડની બનેલી થેલીઓનો જ ઉપયોગ કરવો જોઈએ. પર્યાવરણની જાળવણીમાં વૃક્ષો, જંગલો અત્યંત અગત્યનો ભાગ ભજવે છે. વૃક્ષો કાર્બન ડાયોક્સાઈડ શોષીને પ્રાણવાયુ આપે છે. વૃક્ષારોપણ માત્ર ચોમાસામાં જ થાય એ ખ્યાલમાંથી બહાર આવીને વધુમાં વધુ વૃક્ષોનું રોપણ કરવું આવશ્યક છે. જ્યાં ઈલેક્ટ્રોનિક તાર પસાર થતા હોય બરાબર તેની વચ્ચે વૃક્ષો ન વાવવા જોઈએ. વૃક્ષો આપણને અનેક રીતે ઉપયોગી છે. વૃક્ષોનાં પર્ણો પ્રકાશસંશ્લેષણની ક્રિયા દ્વારા હવાને શુદ્ધ કરે છે. વૃક્ષો જાતજાતનાં ફળો આપે છે. વૃક્ષોનાં મૂળિયાં જમીનનું ધોવાણ અટકાવે છે. વૃક્ષો રણને આગળ વધતું અટકાવે છે. કેટલાંક વૃક્ષોના મૂળિયાં અને પર્ણો ઔષધિ તરીકે વપરાય છે. કેટલાંક વૃક્ષોનાં પાન પડિયા-પતરાળાં બનાવવાના કામમાં આવે છે. વૃક્ષો વાદળાંને ઠંડા પાડીને વરસાદ લાવવામાં મદદરૂપ થાય છે. વૃક્ષો ધરતીની શોભા છે. વૃક્ષો વિનાની ધરતી કેશ વિહોણા શીશ જેવી ઉજ્જડ લાગે છે. ૫૦ વર્ષોમાં એક ઝાડ કુલ ૧૭.૫૦ લાખ ઓકિસજનનું ઉત્પાદન કરે છે, ૩૫ રૂપિયાના પ્રદુષણનું નિયંત્રણ, ૩ કિલો કાર્બનડાયોક્સાઈડનું શોષણ, ૪૧ લાખ રૂપિયાના પાણીનું રીસાયકલીગ, ૩% તાપમાનમાં ઘટાડો કરે છે. એક વયસ્ક વ્યક્તિ દ્વારા જીવનભર ફેલાયેલા પ્રદુષણ ને ૩૦૦ ઝાડ મળીને શોષી શકે છે.

આ દિવસથી જ વન અને વન્યજીવો પ્રત્યે સૌમાં કરુણા ઉત્પન્ન થાય તેમજ પર્યાવરણીય સંપત્તિની જાળવણી થઈ શકે જેથી પૃથ્વી પરના સર્વે જીવો સુખેથી જીવન જીવી શકે. રોજબરોજની જીંદગીમાં પર્યાવરણની જાળવણી કરવા માટે કેટલાક ઉપાયો થઈ શકે છે.

? જંગલો ન કાપવા જોઈએ. વધુમાં વધુ વૃક્ષ વાવવા જોઈએ.

? પાણીનો બગાડ ન કરવો જોઈએ.

? પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળીને કાપડની થેલીઓનો ઉપયોગ કરવો જોઈએ.

? વીજળી, પેટ્રોલ – ડીઝલ બચાવવું જોઈએ.

? કુદરત સાથે સકારાત્મક સંબંધ ધરાવતી ટેક્નિક્સ તથા એસેસરીઝનો ઉપયોગ કરવો જોઈએ. જેમ કે, ખેતરમાં ફર્ટીલાઇઝરની જગ્યાએ જૈવિક ખાતરનો ઉપયોગ કરો.

? શાકાહાર અપનાવવું જોઈએ.

મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

### મહીલાનું ૨૦ હજાર ભરેલું પાકીટ ચોરાયું,મુસાફરો ત્રાહિમામ

# મોડાસા : હંગામી બસસ્ટેન્ડમાં લાઈટ અને ઝઝ્ફના અભાવે પાકીટમારો બેફામ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લામાં ૨૦૧૭ ની લોકસભાની ચૂંટણી પૂર્વે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મોડાસા એસટી ડેપોને આઈકોનિક બસ સ્ટેન્ડની જીલ્લાના પ્રજાજનોને ગિફ્ટ આપી હતી અને મોડાસા એસટી ડેપો ને હંગામી ધોરણે સહકારી જીનના મેદાનમાં ખસેડવામાં આવ્યું છે હંગામી બસ ડેપોમાં પ્રાથમિક સુવિધાનો અભાવ તેમજ અપૂરતી સુવિધાઓ થી મુસાફરો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે પ્રજાજનો મોડાસા માં અત્યાધુનિક આઈકોનિક બસ સ્ટેન્ડ નું કામકાજ ઝડપથી પૂર્ણ થાય તેવી લોક માંગ પ્રબળ બની છે

મોડાસા હંગામી બસ સ્ટેન્ડમાં બસમાં બેસવા જતી મહિલાનું ૨૦ હજાર રોકડ રકમ સહીત અગત્યના ડોક્યુમેન્ટ સાથેનું પર્સ ચોરાઈ જતા મહિલાએ ભારે હોબાળો કર્યો હતો પરંતુ મહિલાની મદદે એસટી તંત્રનો એક પણ અધિકારી નહિ આવતા મુસાફરોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો

મોડાસા હંગામી બસ સ્ટેન્ડમાં સીસીટીવી કેમેરા અને લાઇટનો અનેક જગ્યાએ અભાવ હોવાથી ચોર,તસ્કર ટોળકી બેફામ બની મુસાફરોના કિંમતી માલસામાન અને પાકીટની ચીલઝડપ કરી રહી છે મહિલાઓ અસલામતી અનુભવી રહી છે વિવાદીત ભૂતકાળ ધરાવતા ડેપો મેનેજર સામે કોઈ મુસાફર બસ સ્ટેન્ડમાં પ્રાથમીક સુવિધા અંગે રજુઆત કરવા

પહોંચે તો તેની યોગ્ય જવાબ આપતા ન હોવાની અનેક ફરિયાદો ઉઠી છે બસ સ્ટેન્ડમાં ખાનગી મુસાફરો ભરતા વાહનોનો અડીંગો જોવા મળી રહ્યો છે બસ સ્ટેન્ડની અંદર બિન્દાસ્ત પ્રવેશી મુસાફરો લઇ જતા હોવાથી એસટી તંત્રની તિજોરીને વર્ષે દહાડે લાખ્ખો-કરોડો રૂપિયાનું નુકસાન થઇ રહ્યું છે મોડાસા એસટી ડેપો ને હંગામી ધોરણે મેઘરજ રોડ પર આવેલા સહકારીજીનના મેદાનમાં ખસેડાતા હંગામી બસ સ્ટેન્ડમાં પ્રાથમિક સુવિધાનો સદંતર અભાવ હોવાથી મુસાફરો તોબા પોકારી ઉઠ્યા છે મુસાફરો અને જિલ્લા વાસીઓ દ્વારા મોડાસાના હંગામી બસ સ્ટેન્ડમાં સુવિધાઓ પુરી પાડવામાં આવેની માંગ સાથે નવા આઈકોનિક બસ સ્ટેન્ડનું કામકાજનો ઝડપથી પ્રારંભ કરવામાં આવે અને ઝડપથી પૂર્ણ થાય અને મોડાસા શહેર સહીત જિલ્લાનો વિકાસ વેગવંતો બને તેવું લોકો ઈચ્છે છે

# ઈટોદા ગામે આરોગ્ય સબ સેન્ટર દ્વારા મમતા દિવસ ની ઉજવણી કરાઈ



ચાણસ્મા તાલુકાના ઈટોડા ગામ આરોગ્ય સબ સેન્ટર દ્વારા મમતા દિવસ અંતર્ગત ૦ થી અઢી વર્ષના નાના બાળકોને રસીકરણ કરવામાં આવ્યું હતું તદુપરાંત ધાત્રી બહેનોનો ગર્ભિણી બહેનો ને પૌષ્ટિક તત્વો કયા ખોરાક મળી આવે તે અંગે વિસ્તૃત જાણકારી આપી હતી તેમજ લીલા શાકભાજી ફળો નુ સેવન કરવા માં આવે તે માટે સમજાવવામાં આવ્યું હતું જ્યારે કોરોના રસીકરણ અંતર્ગત ઈટોડા ગામે પ્રથમ ડોઝ જ ૯૫ ટકા અને બીજા ડોઝમાં ૭૨ ટકા કામગીરી પૂર્ણ કરાઇ હોવાનું આરોગ્ય કાર્યકર નીલમબેન ગોસ્વામીએ જણાવ્યું હતું મમતા દિવસ ઉજવણી સંદર્ભે આંગણવાડી કાર્યકર સુરેખાબેન આંગણવાડી કાર્યકર દક્ષાબેન ઠાકોર આશાવર્કર ભગવતીબેન ઠાકોર સરોજબેન રાવળ હંસાબેન ઠાકોર દ્વારા સંપૂર્ણ સહયોગ આપવામાં આવ્યો હતો રીપોર્ટર નિખિલ જોશી પાટણ

### ITI ગોતા અને રાણીપ ખાતે

# પ્રવાસી સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટરની કરાર આધારિતસેવાઓ માટે અરજી કરી શકાશે

નિયામકશ્રી રોજગાર અને તાલીમ ખાતાના નિયંત્રણ હેઠળની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગોતા અને રાણીપ-અમદાવાદ ખાતે ચાલતા જુદા જુદા વ્યવસાયોમાં સુપરવાઇઝર ઈન્સ્ટ્રક્ટરની નિયમિત જગ્યાઓ ન ભરાય ત્યાં સુધી વચગાળાની વ્યવસ્થારૂપે ઈલેક્ટ્રિકલ ગ્રુપ, બ્યુટીકલ્ચરગ્રુપ, ઓટોમોબાઇલ ગૃપ માટે પ્રવાસી સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટરની સેવાઓ માટે રસ ધરાવતા ઉમેદવારો પાસેથી તારીખ ૧૩/૧૨/૨૦૨૧ ના રોજ બપોરે ૦૩-૦૦ કલાક સુધીમાં (જાહેર રજા સિવાયના દિવસોમાં) અરજીઓ મંગાવવામાં આવે છે.

જેઓને પીરીયડ દીઠ રૂ.૯૦/-લેખે મહત્તમ દૈનિક ૬ કલાક લેખે, મહત્તમ દૈનિક વેતન રૂપિયા રૂ.૫૪૦/- ના દરે માસિક માનદ વેતન રૂ ૧૪૦૪૦/-થી વધે નહીં તે રીતે ચૂકવવામાં આવશે. ઉમેદવારોએ શૈક્ષણિક અને લાયકાત, અનુભવ સાથેની વિગતવાર અરજી રૂબરૂ અથવા રજી.પોસ્ટ.એડીથી તમામ આધારભૂત પુરાવાઓ સાથે રજુ કરવાની રહેશે. લાયકાતના ધોરણો NCVT/GCVTદ્વારા નિયત થયેલ જે તે ટ્રેડના સિલેબસ મુજબ તથા ખાતાના પ્રવર્તમાન ભરતી નિયમો મુજબ રહેશે. CITSપાસ ઉમેદવારને પ્રાધાન્ય આપવામાં આવશે.

આ સંપૂર્ણ પ્રક્રિયા મેરીટ આધારિત રહેશે. પ્રવાસી સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર તરીકે આવનાર ઉમેદવારોનો કોઈ અન્ય સેવા વિષયક હકદાવો રહેશે નહીં. અરજી ફોર્મ સંસ્થા ખાતેથી તેમજ સંસ્થાની વેબસાઇટ પરથી મળી રહેશે. સમગ્ર પસંદગી પ્રક્રિયા અંગેની તમામ સત્તા સંસ્થાના વડાની રહેશે એમ ઓદ્યોગિક તાલીમ સંસ્થા ગોતા અને રાણીપના આચાર્યશ્રીની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

### ચાણસ્મા તાલુકામાં પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલ ના સર્વિસ રોડ ઉપર ખેડૂતો દ્વારા

# મશીનોની પાઇપ નાખવામાં આવતા અને રોડ પર ખાડા પડી જતા રાત્રિ પસાર થતા વાહનચાલકોમાં અકસ્માતની દહેશત વ્યક્ત કરાઈ



રાજ્ય સરકાર દ્વારા નર્મદાની મુખ્ય કેનાલ પરિયોજના મારફતે કચ્છ અને સૌરાષ્ટ્ર સુધી ખેડૂતોને ખેતી માટે ઉપયોગ કરી શકે અને આમ જનતાની પીવાના પાણીની સમસ્યા હલ થાય તે માટે મુખ્ય કેનાલ બનાવવામાં આવી છે પરંતુ કેટલાક ખેડૂતો દ્વારા પોતાના નજીવા સ્વાર્થ માટે થઈને નર્મદાની પસાર થતી કેનાલ ને અને બાજુમાં બનાવવામાં આવેલા સર્વિસ રોડ ને નુકસાન કરતા હોય છે જે અનુસંધાને ચાણસ્મા તાલુકામાં મોઢેરા થી પસાર થતી કંબોઈ સુધી પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલ ની બંને બાજુએ સર્વિસ રોડ જેનો ઉપયોગ નર્મદા વિભાગ ના વાહનો પસાર થઇ શકે તે માટે અને તેનો ઉપયોગ આજુબાજુના ગામડાઓ નજીકના અંતરે જવા માટે પણ કરતા હોય છે પરંતુ ખેડૂતો દ્વારા કેનાલની બાજુમાં સર્વિસ પસાર થાય છે તેની નજીક મુખ્ય કેનાલમાંથી ડીઝલ એન્જિન થકી પાણી ખેંચવા માટે મૂકવામાં આવે છે તને રોડ તોડીને પાઇપ નાખવામાં આવે છે જે રોડ તોડ્યા પછી ખેડૂતો તેનું પુરાણ કરતા નથી અને ખાડા પડી જાય છે જેના કારણે આ સર્વિસ રોડ ઉપર પસાર થતાં વાહનો અટકાવવા ના કારણે અને રાતના સમયે મોટો અકસ્માત થવાની દહેશત વાહનચાલકોએ વ્યક્ત કરી છે નર્મદા વિભાગ દ્વારા પણ નર્મદાની મુખ્ય કેનાલ ની બાજુમાં પસાર થતા સર્વિસ રોડની બાજુમાં ખેડૂતો દ્વારા મૂકવામાં આવેલા મશીન થી પાઇપ નાખવા માટે સર્વિસ રોડની નુકસાન કર્યું હોય અથવા રોડનું પુરાણ કરવામાં આવ્યું ન હોય તો તેવા ખેડૂતો સામે શિક્ષાત્મક પગલાં ભરી કાયદેસર કાર્યવાહી કરવી જોઈએ તેવું વાહન ચાલકોએ જણાવ્યું હતું આ નર્મદા મુખ્ય કેનાલ ના સર્વિસ રોડ ઉપર રોજના હજારો વાહનો આવન-જાવન કરે છે અને ઘણીવાર અકસ્માત થયા ના પણ બનાવો બનેલા છે માટે નર્મદા વિભાગ દ્વારા પણ આવા ખેડૂતો સામે લાલ આંખ કરી કડક કાર્યવાહી કરવા માં આવે તેવી આજુબાજુના ગ્રામજનોએ તેમની લાગણી વ્યક્ત કરી હતી રીપોર્ટર નિખિલ જોશી પાટણ

# ચાણસ્મા તાલુકા ની કેટલીક આંગણવાડીઓમાં સાકળચંદ તાળા ચંદ જોવા મળી



દિવાળી પછી વેકેશન પૂરું થતા ધીમે ધીમે શૈક્ષણિક સંસ્થાઓ સહિત આંગણવાડી ઓ બાળકો સિવાય રાબેતા મુજબ શરૂ થઈ છે ત્યારે હજીએ ચાણસ્મા તાલુકાના મોટાભાગના ગામની આંગણવાડીઓમાં આંગણવાડી નો સમય સવારે ૯:૩૦ થી ૨ વાગ્યા સુધી હોય છે છતાં પણ કેટલાક ગામોની આંગણવાડીઓને રૂબરૂ મુલાકાત કરતા કેટલીક આંગણવાડીઓમાં સાકળચંદ તાળા ચંદ જોવા મળ્યું હતું તો કેટલીક આંગણવાડીઓમાં આંગણવાડી કાર્યકર ગેરહાજર જોવા મળ્યા હતા જ્યારે માત્ર તેડાગર બહેનો જ આંગણવાડી માં હાજર જોવા મળ્યા હતા તો કેટલાક ગામોએ આંગણવાડીઓ ખુલ્લી મૂકી આગણવાડી કાર્યકર કે તેડાગર બહેનો બંનેમાંથી એક પણ જોવા મળ્યા ન હતા અને રામ ભરોસે આંગણવાડી ખુલ્લી જોવા મળી હતી હાલમાં કોરોના કાળ પછી નાના બાળકોને આંગણવાડી એ બોલાવવામાં આવતા નથી પરંતુ આંગણવાડીના અન્ય કામો સંદર્ભે ૯:૩૦ થી બપોરે બે વાગ્યા સુધી આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનો એ કેમ ના કેન્દ્ર માં હાજર રહેવાનું હોય છે છતાં પણ ચાણસ્મા તાલુકાના ભાટસર ઈટોદા ખોરસમ કંબોઈ સહિતના આઠ થી દસ ગામોની મુલાકાત લેતા મોટાભાગની આંગણવાડીઓ સવારે ૧૦ વાગ્યે પણ તાળુ લગાવેલી હાલતમાં જોવા મળી હતી તો કેટલીક આંગણવાડીઓમાં માત્ર તેડાગર બહેનો જોવા મળ્યા હતા તો કેટલીક આંગણવાડીઓમાં આંગણવાડી કાર્યકર તેડાગર બંને કર્મચારીઓમાંથી એક પણ જોવા ન મળતા માત્ર આંગણવાડી ખુલ્લી રામભરોસે જોવા મળી હતી રાજ્ય સરકારના જે તે વિભાગ દ્વારા આવા ગામોએ તપાસ કરી યોગ્ય કાર્યવાહી થવી જોઈએ તેવી લોકમાંગ ઉઠવા પામી છે રીપોર્ટર નિખિલ જોશી પાટણ

# સાકરીયા નજીક નર્સિંગ કોલેજમાં જવા હોસ્ટેલથી નીકળેલ ૧૯ વર્ષીય વિદ્યાર્થીની રહસ્યમય રીતે ગુમ થતા પરિવારજનો ચિંતિત

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લામાં સમયાંતરે યુવતીઓ,મહિલાઓ અને સગીરાઓ રહસ્યમ રીતે ગુમ થવાના બનાવો બનતા રહે છે મોડાસા શહેરના ડીપ વિસ્તારમાં ખાનગી હોસ્ટેલમાં રહેતી ૧૯ વર્ષીય યુવતી સાકરીયા નર્સિંગ કોલેજમાં જવાનું કહી ઘરે થી નીકળ્યા પછી લાપત્તા થઇ જતા પરિવારજનોએ ભારે શોધખોળ કર્યા પછી પણ કોઈ ભાળ ન મળતા આખરે પરિવારે પોલીસનું શરણ લીધું છે મોડાસા ટાઉન પોલીસે જાણવાજોગ ફરિયાદ નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે સાકરીયા નજીક ભાગ્યલક્ષ્મી નર્સિંગ કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનું અપહરણ થયું કે પછી અન્ય કોઈ કારણોસર ગુમ થઇ તે અંગે શહેરમાં તરહ તરહની ચર્ચાએ જોર પકડ્યું છે

મોડાસાના ડીપ વિસ્તારમાં આવેલી હોસ્ટેલમાં રસોઈયા તરીકે નોકરી કરતા પરીવારની ૧૯ વર્ષીય યુવતી મંગળવારે સવારે રાબેતા મુજબ સાકરીયા નર્સિંગ કોલેજમાં અભ્યાસ કરવા નીકળ્યા પછી સાંજે ઘરે પરત ન ફરતા વિદ્યાર્થીના પરિવારજનો ચિંતાતુર બન્યા હતા પરિવારજનોએ તેણીની સગાસંબંધીમાં તેમજ આસપાસના વિસ્તારમાં શોધખોળ આરંભી હતી જો કે બીજા દિવસ સુધી યુવતીનો અત્તોપતો ન મળતા બેબાકળા બનેલા પિતાએ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન પહોંચી તેમની પુત્રી ગુમ થઇ હોવાની જાણવાજોગ ફરિયાદ નોંધાવતા પોલીસે રહસ્યમય રીતે ગુમ થયેલી નર્સિંગની વિદ્યાર્થીની શોધખોળ હાથધરી છે

# અમદાવાદ આર.ટી.ઓ.માં મોટરકાર અને મોટર સાયકલની જુની સિરિઝના પસંદગીના નંબરો માટે ઇ-ઓકશન શરૂ થશે

આર.ટી.ઓ. અમદાવાદ-(પૂર્વ) વસ્ત્રાલ દ્વારા લાગતા વળગતા તમામ વાહનોના માલિકોને જણાવવામાં આવે છે કે, અત્રેની કચેરીમાં મોટરકાર અને મોટરસાયકલની જુની સિરીઝના ગોલ્ડન/સિલ્વર નંબરનું ઇ-ઓક્સન શરૂ કરવામા આવનાર છે.

પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા વાહન માલિકોએ તેમના વાહનોનું રજીસ્ટ્રેશન કરાવીને પસંદગીના નંબર મેળવવા માટે ઓનલાઇન સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે. તા.૧૩/૧૪/૧૨/૨૦૨૧ થી તા. ૧૫/૧૨/૨૦૨૧ સુધી ઓનલાઇન નંબર રજિસ્ટ્રેશન કરાવવાનો રહેશે. તા. ૧૬/૧૭/૧૨/૨૦૨૧ના રોજ ઇ ઓક્સનનું બીડીંગ કરવાનુ રહેશે. તા૧૮/૧૨/૨૦૨૧ ના રોજ ઇ ઓક્સનના ફોર્મ અત્રેની કચેરીમાં જમા કરાવવાના રહેશે.

વાહન માલિકો તેમના વાહનનું રજિસ્ટ્રેશન કરાવી http://vahan.parivahan.gov.in/ fancy પર રજિસ્ટ્રેશન કરી ઈ-ઓકશનમાં ભાગ લઈ શકશે.

પસંદગીનો નંબર મેળવવા માટેની અરજી સેલ ઈન્વોઇસની તારીખ અથવા વીમાની તારીખે એ બે માંથી જે વહેલું હોય તે તારીખથી સાત દિવસની અંદર રજૂ કરવાની રહેશે. અરજી કર્યાની તારીખથી ૬૦ દિવસ સુધી તે અમલી ગણાશે. સમય બહારની અરજીઓ રદ કરવામાં આવશે તેમ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, અમદાવાદની અખબારી યાદીમાં જણાવાયું છે.

# અમદાવાદ જિલ્લામાં 30 નવેમ્બરના રોજ ૧૮ હજારથી વધુ લોકોને રસી અપાઈ

અમદાવાદ જિલ્લા આરોગ્ય શાખામાંથી પ્રાપ્ત માહિતી અનુસાર ૩૦ નવેમ્બર, ૨૦૨૧ના રોજ જિલ્લામાં કુલ ૧૮,૦૦૨ નાગરિકોને રસી આપવામાં આવી હતી. જેમાં ૮૭૫ નાગરિકોને પ્રથમ ડોઝ, જ્યારે ૧૭,૧૨૭ નાગરિકોને રસીનો બીજો ડોઝ આપવામા આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે જિલ્લામાં કુલ ૧૩૯ સેશનમાં આ રસીકરણની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

નોંધપાત્ર બાબત એ છે કે અમદાવાદ જિલ્લાના ૪૬૫ ગામડાઓમાં ૧૦૦ ટકા રસીકરણ થઈ ચૂક્યું છે.




પ્રેસનોટ : પાંચાળ વિકાસ બોર્ડ અને વિછીયા તાલુકા કોળી સમાજ પ્રમુખ વિનોદભાઈ વાલાણી તેમજ પૂર્વ ધારાસભ્ય ભોળાભાઈ ગોહિલ અને કોળી સમાજના આગેવાનો દ્વારા વિંછીયા તાલુકાના ર્ફોર્સ ની ટ્રેનીગમાંથી વતન તરફ પરત ફરેલા જવાનોનુ મોમેન્ટો અને શાલ ઓઢાડી સ્વાગત કરવામા આવ્યુ,પાંચાળ પ્રદેશના ગૌરવ સમાન વિંછીયા તાલુકાના ગામોના જવાનો પૈકી હરેશભાઈ ધોરીયા રેવાણીયા , પ્રદિપભાઈ ખવડ સમઢીયાળા, વિશાલભાઈ તાવિયા મોઢુકા,અસ્મિતાબેન તાવિયા મોઢુકા અને વિંછીયા ગામના દિપકભાઈ રોજાસરા વગેરે જવાનોએ રાષ્ટ્રની સેવામાં સહભાગી બની પાંચાળ પ્રદેશનુ ગૌરવ વધારવા બદલ ભવ્ય સન્માન કરવામાં આવ્યું અને હાજર આગેવાનો દ્વારા આનંદ અને ખુશીની લાગણી વ્યક્ત કરી હતી શુભેચ્છા મુલાકાત સ્વાગત સન્માન સમારોહમાં વિનોદભાઈ વાલાણી, પૂર્વ ધારાસભ્ય શ્રી ભોળાભાઈ ગોહિલ, સંદિપભાઈ વાળા, અવસરભાઈ નાકીયા,શામજીભાઈ ધોરીયા, શિક્ષણવિદ કલ્યાણભાઈ ધોરીયા,પ્રવિણભાઈ ગાબુ,જેસાભાઈ મકવાણા,હિતેશભાઈ વાલાણી,નરેશભાઈ રોજાસરા,વાલજીભાઈ સરપંચ મોઢુકા વગેરે તમામ સમાજના અગ્રણીઓ દ્વારા સન્માન કરવામા આવ્યુ હતુ આ તકે કાર્યક્રમમાં આજુબાજુના ગામડાંઓમાંથી હાજર તમામ સમાજના આગેવાન અગ્રણીઓનો વિનોદભાઈ વાલાણીએ આભાર વ્યક્ત કર્યો હતો

# રાજ્ય મંત્રીમંડળની બેઠક રાજ્યમાં શિક્ષણનો વ્યાપ વધારવા પ્રવાસી શિક્ષકોની ભરતી કરાશે : પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

### રાજ્યનું આગામી અંદાજપત્ર તૈયાર કરવા નાણા મંત્રીશ્રીના અધ્યક્ષે તા. ૯મી ડિસેમ્બર બાદ વિવિધ વિભાગોની બેઠકો યોજાશે.

રાજ્યના પ્રવકતા મંત્રી શ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યું છે કે, મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને આજે રાજ્ય મંત્રીમંડળની બેઠક મળી હતી જેમાં, રાજ્યની વિકાસયાત્રાને વધુ વેગવાન બનાવવા અને જનસુખાકારીના કામોનું સત્વરે આયોજન કરવા માટે મુખ્યમંત્રીશ્રીએ સૂચનાઓ આપી છે. તેમણે કહ્યું કે રાજ્યમાં શિક્ષણનો વ્યાપ વધે અને બાળકોના શિક્ષણ કાર્યને કોઈ અસર ન પહોંચે તે માટે આગામી સમયમાં પ્રવાસી શિક્ષકની ભરતી કરાશે.

મંત્રી શ્રી વાઘાણી ઉમેર્યું કે શિક્ષણ કાર્યને વેગવાન બનાવવા પ્રવાસી શિક્ષકોની ભરતી કરવા રાજ્ય સરકારે મંજૂરી આપી છે જે હેઠળ મહત્તમ રૂપિયા ૨૭,૦૦૦/-ની મર્યાદામાં આ શિક્ષકોને વેતન અપાશે અને આ શિક્ષકો દરરોજ ૭ તાસ લેશે.

પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે સર્વસ્પર્શી - સર્વસમાવેશક બજેટ તૈયાર થાય તેવું નક્કર આયોજન કર્યું છે. તા. ૯મી ડિસેમ્બર બાદ રાજ્ય સરકારના વિવિધ વિભાગો સાથે નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ બજેટ સંદર્ભે ચર્ચા-વિચારણા કરી બેઠક યોજશે. રાજ્યના નાગરિકોની સુખાકારીમાં વધારો થાય તે હેતુથી કેટલીક નવી વિકાસલક્ષી યોજનાઓ તૈયાર કરવા વિવિધ વિભાગો નાણામંત્રીશ્રી સાથે બેઠક કરી બજેટને આખરી ઓપ અપાશે.

મંત્રી શ્રી વાઘાણીએ ઉમેર્યું કે, રાજ્યનું નવનિયુકત મંત્રીમંડળ પુરજોશથી જનહિતના કર્યો કરી રહ્યું છે. ત્યારે આ કાર્યોને વધુ ઝડપી બનાવવા મુખ્ય મંત્રીશ્રીએ મંત્રી મંડળને જરૂરી સૂચનાઓ પણ આપી હતી.

વાસ્તવમાં નિકાલ થઇ ચૂકી હોય તેવી વિવિધ વિભાગોની કેટલીક ફાઈલો ઓનલાઇન પેન્ડિંગ બતાવતી હોય છે જેનો ઓનલાઇન સત્વરે નિકાલ કરવા મુખ્યમંત્રીશ્રીએ મંત્રીમંડળને જરૂરી સૂચનાઓ આપી હતી.

પ્રવકતા મંત્રીશ્રીએ ઉમેર્યુ કે,મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૨ના સંદર્ભમાં ગુરૂવાર તા. ૨ ડિસેમ્બરે મુંબઈમાં રોડ-શૉ યોજશે. તેઓ શ્રી ગુરૂવારે સવારે મુંબઈની ધી તાજમહાલ પેલેસ હોટલમાં યોજાનારા રોડ-શૉ પૂર્વે બિઝનેસ લીડર્સ,અગ્રણી ઊદ્યોગ સંચાલકો સાથે વન-ટુ-વન બેઠક પણ યોજવાના છે.મુખ્યમંત્રીશ્રી ત્યારબાદ સવારે ૧૧ કલાકે યોજાનારા રોડ-શૉ માં વાયબ્રન્ટ સમિટ-૨૦૨૨ની વિશેષતાઓ પ્રસ્તુત કરશે.મુખ્યમંત્રીશ્રી સાથે નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઇ, ઊદ્યોગ રાજ્યમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા સહિત ગુજરાતના ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળ સાથે મુંબઈમાં વિવિધ રાષ્ટ્રોના કોન્સ્યુલેટ જનરલની ભોજન બેઠકનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

તેમણે ઉમેર્યું કે, મુખ્યમંત્રી શ્રી વાયબ્રન્ટ સમીટ -૨૦૨૨ સંદર્ભે તા. ૮,૯ ડિસેમ્બરે દુબઈનો પ્રવાસ ખેડશે. આ પ્રવાસ દરમિયાન તેઓ ભારતના પેવેલિયન, એપેક્સ શૉ - ૨૦૨૧ તથા અબુધાબી ખાતે BAPS સ્વામિનારાયણ મંદિરની મુલાકાત લેશે.

મંત્રીશ્રીએ ઉમેર્યું કે ઓમિક્રોન વાયરસ સંદર્ભે પણ રાજ્યના આરોગ્ય વિભાગે સંપૂર્ણ તકેદારી સાથે કામગીરી આરંભી દીધી છે. એરપોર્ટ પર બહારના દેશોમાંથી આવતા નાગરિકોના સ્ક્રિનિંગ સહિત ટેસ્ટિંગની કામગીરી શરૂ કરી દેવાઈ છે. ટેસ્ટિંગમાં નેગેટિવ હોય અને જરૂરીયાત જણાય તો આવા નાગરિકોને ૭ દિવસ આઈસોલેશનમાં પણ રાખવામાં આવશે.

તેમણે કહ્યું કે, સદભાગ્યે ઓમિક્રોન વાયરસનો દેશમાં હજુ સુધી એક પણ કેસ નોંધાયો નથી અને આગામી સમયમાં પણ ન નોંધાય એ માટે પ્રભુને પ્રાર્થના. આ સંદર્ભે પણ કેન્દ્ર સરકાર દ્વારા જે SOP નિયત કરાઈ છે એ અંગે પણ ગુજરાતમાં સંપૂર્ણ પાલન સાથે અસરકારક કામગીરી કરવામાં આવી રહી છે. આ વાયરસ અંગે નાગરિકોએ સહેજ પણ ગભરાવાની જરૂર નથી માત્ર ને માત્ર તકેદારી સાથે સતર્ક રહેવાની જરૂર છે. તેમણે કહ્યું કે અન્ય રાજ્યોમાંથી ગુજરાત આવતા પ્રવાસીઓ નું પણ મોનિટરિંગ રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા સતત કરવામાં આવી રહ્યું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK